
સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૨, અંક :- ૭, ઓગસ્ટ - ૨૦૧૪

બે વર્ષ લવાજમ રૂ.૧૬૦/-



## "ઝૂલીયે રંગીલે લાલ, રતન હિંડોરના..."

ભગવાન શ્રી સ્વામિનારાયણે હિંડોળામાં બિરાજમાન થઈને દિવ્ય લીલાઓ કરીને જે સુખ આપ્યા છે તેની સૌને સ્મૃતિ થાય એટલા માટે દર વર્ષે અષાઢ વદ બીજથી શ્રાવણ વદ બીજ સુધી શ્રી સ્વામિનારાયણ મંદિરોમાં **હિંડોળા ઉત્સવ** ઊજવાય છે.

# દુબઈ સત્સંગ વિચરણ યાત્રા


1


2


3


4


5


6


7


8


9


10

**ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી ૠપ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી સાથે પૂ. સંતોની દુબઈમાં યોજાયેલ સત્સંગ વિચરણ યાત્રા (તા. ૬ થી ૯-૮-૧૪)**

૧. સત્સંગ સભામાં દુબઈ, બુરદુબઈ, શારજહા, અબુધાબી, અજમાન વગેરે વિસ્તારોના ભક્તોને આશીર્વાદ પાઠવતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો. ૨. દુબઈ એરપોર્ટ પર પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી તથા પૂ. સંતોનું સ્વાગત કરતા ભક્તો. ૩-૪. બુરદુબઈમાં પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ ઠક્કરના નિવાસસ્થાને યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ પૂ. સંતો. ૫-૬. પ.ભ. શ્રી કાંતિભાઈ ઠક્કરના નિવાસસ્થાને પધરામણી કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો. ૭. પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો સાથે હરિભક્તો. ૮. પ.ભ. શ્રી સંજયભાઈ ભીમજીભાઈ ટાંકના નિવાસસ્થાને પધરામણી કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો-ભક્તો. ૯-૧૦. પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો સાથે હરિભક્તો.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



# સ્વામિનારાયણ ચિંતન


વર્ષ :- ૨ | અંક :- ૬ | તા. ૨૦-૦૮-૧૪

પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



:: પ્રસિદ્ધ કર્તા ::

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

:: પ્રકાશક/માલિક/તંત્રી :: સાધુ પતિતપાવનદાસજી
:: સંપાદક :: સ્વામી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)



:: લેખન / સંકલન ::

સાધુ અમૃતસ્વરૂપદાસજી
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



:: લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::

'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
**Visit us :** www.sardharkatha.net
www.swaminarayanvadtalgadi.org
**E-mail :**- sardharmandir@gmail.com

:: લવાજમ દર ::

બે વર્ષ: રૂા. ૧૬૦/-
પંચવાર્ષિક : રૂા. ૩૫૦/- • પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-
પરદેશમાં લવાજમ : $ 200 U.S.A.,• £ 125 U.K.


સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

## અનુક્રમણિકા


૧ હિંડોળા ઉત્સવ (અષાઢ વદ બીજથી શ્રાવણ વદ બીજ) ... ૦૪
- સાધુ અમૃતસ્વરૂપદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૨ પવિત્રા એકાદશી (શ્રાવણ સુદ એકાદશી) ... ૦૬

૩ રક્ષાબંધન (શ્રાવણી પૂર્ણિમા) ... ૦૭

૪ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ... ૧૨

૫ શ્રી ગણેશ ચતુર્થી (ભાદરવા સુદ ચોથ) ... ૧૮

૬ જળઝીલણી એકાદશી (ભાદરવા સુદ એકાદશી) ... ૨૨

૭ સત્સંગ સમાચાર પત્રિકા ... ૨૬
સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી

૮ શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા ... ૩૨
- સંકલિત



હમારા લક્ષ્ય ચેનલ પર
હવે આપ માણો દુનિયાના 52 દેશોમાં...
Online
www.lakshyatv.com

દિવ્ય અમૃતવાણી
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની

સત્સંગ કથામૃત
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી-સરધાર
તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે

સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦



# હિંડોળા ઉત્સવ (અષાઢ વદ બીજથી શ્રાવણ વદ બીજ)

**સાધુ અમૃતસ્વરૂપદાસજી**, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**ગતાંકથી ચાલુ...**

સંતોને પૂજા કરવા શ્રીહરિએ બોલાવ્યા. સંતો શેર શેર ગુલાલ લઈને શ્રીહરિ આગળ ધરતા. શ્રીહરિ તેમાં પગ મૂકતા. એમ સંતોએ ગુલાલથી પૂજા કરી અને એક-એક સાકરનો ગાંગડો શ્રીહરિને આપતા. શ્રીહરિ તે બધાયની સાકર જમતા. પછી આરતી ધૂન થઈ રહી. હરિભક્તો ફૂલના હાર લાવતા, તે ચાલતે હિંડોળે શ્રીહરિ ઘણી ચાતુરીથી લેતા. વેગથી ચાલતા હિંડોળા પર શ્રીહરિ ઊભા રહેતા. જમણા હાથે થાંભલો ગ્રહણ કરી ડાબો હાથ છૂટો રાખતા અને હાર લેતા. હારથી હિંડોળો ભરાઈ ગયો. ક્યારેક હાર હાથમાં રાખેલી છડીથી લેતા. ક્યારેક બે હાથથી પકડીને એક પગથી હાર લેતા. એમ દોઢ પહોર રાત્રિ સુધી હાર લીધા પછી બંધ કર્યું.''

હિંડોળામાં બિરાજી જે અલૌકિક અને દિવ્ય સુખ ભગવાન શ્રીહરિ આપતા તેનો વધુ એક અંદાજ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીની ઉપરોક્ત પંક્તિ દ્વારા જણાય છે : **'ચરણ ચરચિ ચંદને, છાપી છાતિ મુનિવૃંદની...'** (ભક્ત ચિંતામણી : પ્ર. ૬૬)

હિંડોળામાં બેઠાં બેઠાં સંતોની છાતીમાં ચરણારવિંદ આપી શ્રીજીમહારાજ ઉત્સવની સ્મૃતિને જાણે હૈયામાં જ જડી દેતા !!

આ સુખમાં ગરકાવ સંતો-ભક્તો સ્થિર કેમ રહી શકે ? હિંડોળે બિરાજમાન શ્રીજીમહારાજની ફરતે આનંદમાં ગરકાવ સંતો-ભક્તો રાસ રમતા ને નૃત્ય પણ કરતા :

**'પછી સંત હિંડોળાને ફરતા, ફર્યા ફેરને ગર્બિ ઉચરતા;**
**રાસમંડળ સરસ જણાય, તેની શોભા ન વરણી શકાય.'।**
**'પછી અલબેલા આગળે જન, કરી નૃત્ય ને કરે પ્રસન્ન.'**


આમ, શ્રીજીમહારાજે અનેક સ્થળોએ હિંડોળે ઝૂલીને સંતો-ભક્તોને બહુ જ **દિવ્ય સુખ**ની અનુભૂતિ કરાવી હતી. શ્રીજીમહારાજે કરેલી અગણિત દિવ્ય લીલાઓનું સ્મૃતિચિહ્ન એટલે **હિંડોળો...**, આપણે પણ એ સ્મૃતિની સાથે 'હિંડોળા પર્વ'માં ઠાકોરજીને ઝુલાવતાં-ઝુલાવતા, જન્મમરણના ઝૂલામાંથી મુક્ત થવા, ચાલો આપણે પણ ગાઈએ : **'હિંડોરનામે હોરે હોરે ઝૂલો મહારાજ (૨)'**

એકવાર વડતાલમાં શ્રીજીમહારાજ **ધના તળાવ**માં સ્નાન કરીને તળાવની ઈશાન ખૂણે હિંડોળો બાંધ્યો હતો ત્યાં પધાર્યા. પરંતુ હિંડોળો નાનો હતો. તે વખતે તેમાં બિરાજમાન થવા ભગવાન શ્રીહરિને નાનું સ્વરૂપ ધારણ કરવું પડ્યું તે ઐશ્વર્યનું વર્ણન **'શ્રીહરિલીલામૃત'** ગ્રંથમાં પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે કર્યું છે :

**'આંબે હિંડોળો બાંધ્યો તે ઠામ, ઝૂલ્યા ત્યાં બેસી સુંદરશ્યામ;**
**હતો હિંડોળો નાનો હે ભૂપ, નાથે ત્યાં ધર્યું નાનું સ્વરૂપ.**
**જોઈ જનમન વિસ્મિત થાય, જાણ્યો શ્રીહરિનો મહિમાય;**
**એવાં પાવનકારી પવિત્ર, કરે નાથ વિચિત્ર ચરિત્ર.'**

(શ્રીહરિલીલામૃત : ૭/૪૭/૬૬-૬૭)

એકવાર ભગવાન શ્રીહરિ **બામરોલી** પધાર્યા હતા. અહીં તખા પગીએ રાયણના વૃક્ષ નીચે હિંડોળો બાંધી રાખ્યો હતો. તખા પગીનો ભાવ સમજીને શ્રીજીમહારાજ માણકી પરથી ઊતરીને સીધા જ હિંડોળા પર બિરાજી ગયા. આ દિવ્ય દર્શનથી પુલકિત સૌ ભગવાન શ્રીહરિને ઝુલાવવા લાગ્યા. ને ત્યાં જ ધીમે ધીમે શ્રીજીમહારાજ સહિત હિંડોળો આકાશે ચડવા લાગ્યો. થોડીવારમાં શ્રીજીમહારાજ અદૃશ્ય થઈ ગયા. વૈરાટબ્રહ્માનું પૂજન સ્વીકારવા ગયા કે દેવોને ઝુલાવવાનો લાભ આપવા ગયા કે શું ? - તેમ સૌ વિચારી રહ્યા. **'વિરાટનો હિંડોળો ઝાકમઝોળ; આકાશને મોભે બાંધ્યા દોર...'** એવો અનુભવ જાણે સૌ કરી રહ્યા. થોડીવારમાં તો આકાશમાંથી પુષ્પો ખર્યાં, ચંદનની વૃષ્ટિ થઈ ને મધુર સંગીત રેલાવા લાગ્યું. થોડા સમય સુધી આમ ચાલ્યું ને ફરી અંતરિક્ષમાંથી હિંડોળો નીચે સરકતો દેખાયો. 'મહારાજ પધાર્યા...', 'એ આવ્યા...'ના શબ્દો સાથે સૌ ફરી આનંદમાં આવી ગયા.



એકવાર શ્રીજીમહારાજ **ડાંગરવા** પધાર્યા હતા. ત્યાં ખીમા પટેલને ઘેર ઉતર્યા. તેમણે ભગવાન શ્રીહરિ માટે તેની ફળીમાં પીપર હતી તેની ડાળીએ હિંડોળો બાંધી રાખ્યો હતો. તેનો સંકલ્પ હતો કે, મહારાજને મારે અહીં ઝુલાવી **દિવ્ય લાભ** લેવો. તેના આ સંકલ્પને જાણી શ્રીજીમહારાજ પણ નદીમાં જળક્રીડા કરી, ખીમા પટેલના ઘેર આવી સીધા જ હિંડોળા પર બિરાજમાન થયા ને કહ્યું : ''પટેલ ! હિંડોળો ઠીક બાંધી દીધો. અમને હિંડોળે ઝૂલવાનો સંકલ્પ હતો તે તમે પૂરો કર્યો.''

ખીમા પટેલ આ ભગવાન શ્રીહરિની કૃપાથી ગદ્‌ગદ્ થઈ ગયા ને બોલ્યા : ''હે પ્રભુ ! આપને તો એવા કંઈ સંકલ્પ ન હોય ! મારા જેવા જીવોના સંકલ્પ આપ પૂર્ણ કરો છો.'' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું : ''પટેલ ! અમારે પણ તમારા જેવા ભક્તોના મનોરથો પૂરા કરવાના સંકલ્પ હોય જ. એ માટે તો અમારો અવતાર છે.''

આમ, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સંતો-ભક્તોએ ગઢડા, વડતાલ, સારંગપુર વગેરે અનેક સ્થાનોમાં ભગવાન શ્રીહરિને હિંડોળામાં ખૂબજ ઝુલાવ્યા છે. સંતો-ભક્તોએ શ્રીજીમહારાજને હિંડોળામાં બિરાજમાન કરીને, કીર્તનો ગાઈને તથા ઓચ્છવ કરીને ભગવાન શ્રીહરિનો અતિ રાજીપો પ્રાપ્ત કર્યો છે. ભગવદ્‌મય બનીને જ્યારે સંતો આવા પદો ગાતા ત્યારે ત્યાં ઉપસ્થિત રહેનાર સૌ કોઈ ભાવવિભોર બની જતાં. દુનિયાનું ભાન ભૂલી જતાં... મહાપ્રભુ શ્રીહરિની મૂર્તિમાં સૌ થીજી જતાં. એ સુખનું કદી વર્ણન ન થઈ શકે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે મનુષ્ય સ્વરૂપે હિંડોળામાં બિરાજમાન થઈને દિવ્ય લીલાઓ કરીને જે સુખ આપ્યા છે તેની સૌને સ્મૃતિ થાય એટલા માટે શ્રી સ્વામિનારાયણ મંદિરોમાં દર વર્ષે અષાઢ વદ બીજથી શ્રાવણ વદ બીજ સુધી **હિંડોળા ઉત્સવ** ઊજવાય છે. આવા હિંડોળા ઉત્સવમાંથી અનેક પ્રકારનો ઉપદેશ-**પ્રેરણા** સાંપડે છે. જેમ હિંડોળામાં બેસનાર વ્યક્તિએ સાંકળ પકડી રાખવી પડે છે તેમ જીવનના હિંડોળામાં પણ સંયમ અને સાવધાનીની સાંકળ પકડી રાખવી પડે છે; નહીં તો ક્યારે પડી જવાય તેની ખબર ન પડે...!! જીવનમાં પણ ઝૂલાની જેમ ચડતી-પડતી આવવાની અને જવાની, સુખ-દુ:ખના વારા આવવાના, પરંતુ તેમાં આપણે સમજીને સમતા રાખવી જ ઘટે.

શ્રીહરિને હૈયાના હિંડોળે ઝુલાવવાના હિંડોળા ઉત્સવમાં સૌ કોઈને સદાય ભગવાન શ્રીહરિનું દિવ્ય **અખંડ સ્મરણ** રહે અને જીવનના ઝૂલામાં સદાય સંયમ, સાવધાની અને સમજણ રહે એવી શ્રીચરણોમાં **પ્રાર્થના.**

**સા**રાં કામ કરીએ તો મહાપ્રભુ શ્રીહરિનો હિંડોળો આપણી નજીક આવે અને અયોગ્ય કામ કરીએ તો દૂર થાય. માટે મહાપ્રભુ શ્રીહરિ સદાય નજીક રહે તેવી ભક્તિ કરવી. જન્મ મરણના હિંડોળે તો જીવમાત્ર ઝૂલ્યા કરે છે. ભગવાનનો હિંડોળે હીંચકતા નીરખીએ તો ફરી જન્મ લેવો ન પડે. એટલે કે ભગવાન શ્રીહરિ તેના અંતરમાં પ્રગટ થઈ જાય અને તેના હૃદયહિંડોળે ઝૂલ્યા કરે.



# પવિત્રા એકાદશી

(શ્રાવણ સુદ એકાદશી)

શ્રાવણ સુદ - ૧૧ને **'પવિત્રા એકાદશી'** કહેવામાં આવે છે. દેવ જેવો થાય તે જ દેવપૂજાનો અધિકારી બને છે, તેથી દેવ એટલે કે પવિત્ર થઈને ભગવાનની ભક્તિ કરવી જોઈએ. આ દિવસને પુષ્ટિમાર્ગનો પ્રાગટ્ય દિવસ પણ ગણવામાં આવે છે. મહાપ્રભુજીએ ભારતની પરિક્રમા ત્રણ વખત કરી હતી. પરિક્રમા દરમ્યાન મહાપ્રભુજી વ્રજમાં પધાર્યા હતા. ગિરિરાજની કંદરામાં પોઢેલા ગોવર્ધનનાથજીને સર્વ પ્રથમ સૂતરનું બનાવેલું પવિત્રું ધરાવ્યું હતું. તે દિવ્ય પ્રસંગથી હાલમાં આજે પણ પવિત્રા એકાદશીનું માહાત્મ્ય જળવાઈ રહ્યું છે અને આ દિવસથી ઠાકોરજીને પવિત્રા ધારણ કરાવવાની પરંપરા જળવાઈ રહી છે.

એક કથા પ્રમાણે પવિત્રા એકાદશીના રોજ ધરાવવામાં આવતા પવિત્રાને સૂતરના ૩૬૦ નંગ દોરાવાળું બનાવીને ધરાવવામાં આવે છે. એ પાછળની ભાવના એ છે કે વર્ષના ૩૬૦ દિવસ ગણાતા હોય, ઠાકોરજીને ૩૬૦ દિવસના વાઘા ધરાવાયા. પવિત્રા સૂતરના રંગીન કે સફેદ બનાવવામાં આવે છે. પવિત્રા સૂતરના જ એટલા માટે બનાવવામાં આવે છે કે દર્ભ (એક પ્રકારનું પવિત્ર ઘાસ)ની જેમ સૂતરને પણ પવિત્ર ગણવામાં આવ્યું છે. તેથી ઠાકોરજીને એમના વાઘા પવિત્રતાના રૂપે અર્પણ કરવામાં આવે છે. પવિત્રાને પુષ્પમાળા તરીકે પણ ઠાકોરજીને ધરાવવામાં આવે છે.

બીજી એક **લોકકથા** પ્રમાણે જ્યારે દ્રૌપદીજીના ચીરહરણ થયા ત્યારે છેલ્લે દ્રૌપદીજીએ ભગવાન શ્રીકૃષ્ણને પ્રાર્થના કરી. ત્યારે ભગવાને તેમની લાજ રાખવા ચીર પૂર્યા. તેના સંદર્ભમાં પણ ઠાકોરજીને પવિત્રા ધારણ કરાવાય છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં અને વૈષ્ણવ સંપ્રદાયમાં અષાઢ વદ - બીજથી શ્રાવણ વદ - બીજ સુધીના સમયગાળા દરમ્યાન ફૂલ, ફળ, સૂકો-મેવો, શાકભાજી, મોરપીંછ, રાખડી, કાચ વગેરે સામગ્રીના કલાત્મક હિંડોળા બનાવીને ઠાકોરજીને હિંડોળે ઝુલાવવામાં આવે છે અને આ દિવ્ય હિંડોળા ઉત્સવોમાં પવિત્રા પણ ધારણ કરાવવામાં આવે છે. જીવનના કઠિન સંજોગોમાં પણ પવિત્ર રહી પ્રભુભક્તિ કરવાનો પાઠ આ પર્વ દ્વારા મળે છે.

ભવિષ્યોત્તર પુરાણ ગ્રંથમાં શ્રાવણ સુદ એકાદશીને **'પુત્રદા' એકાદશી** તરીકે વર્ણન કરવામાં આવ્યું છે. અને તેનું માહાત્મ્ય ભગવાન શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર રાજા પ્રત્યે કહે છે :

''પૂર્વે દ્વાપરયુગના પ્રારંભમાં મહિષ્મતિ નગરીમાં **મહીજીત** નામનો **રાજા** રાજ્ય કરતો હતો. તે પુત્ર રહિત હોવાથી રાજ-કાજમાં મન લાગતું ન હતું. ઘણા ઉપાયો કર્યા છતાં પુત્ર પ્રાપ્તિ ન થતાં અને હવે ગઢપણ આવેલું જોઈ ચિંતા થવા લાગી. રાજાએ સભામાં જઈ પ્રજાની વચ્ચે કહ્યું : ''મેં આ જન્મમાં કંઈ પાપ કર્યું નથી, બ્રાહ્મણ કે દેવનું દ્રવ્ય લીધું નથી, પ્રજાનું પુત્રવત્ પાલન કર્યું છે, શિષ્ય લોકોનો સત્કાર કર્યો છે, તો હે બ્રાહ્મણો ! એવી રીતે હું ધર્મથી ચાલું છું. તેમ છતાં કયા કારણથી પુત્ર પ્રાપ્તિ થતી નથી ? તેનો આપ વિચાર કરો.''

રાજાના વચનો સાંભળી બ્રાહ્મણો, રાજ્યના પુરોહિત અને પ્રજા મળી ઘોર વનમાં ગયા, ઋષિઓના આશ્રમો જોવા લાગ્યા. ત્યાં ઘોર વનમાં **લોમશઋષિ** તપ કરતા જોવામાં આવ્યા. ઋષિ નિરાહાર હતા, ધર્મના તત્ત્વને જાણનારા હતા, શાસ્ત્રોમાં પ્રવીણ અને બ્રહ્મજ્ઞાની હતા. વળી એ ઋષિ ભૂત-ભવિષ્ય અને વર્તમાન જાણનારા હતા.

સઘળા આવેલા જનોએ મુનિરાજને યથાયોગ્ય પ્રણામ કર્યા. ઋષિ બોલ્યા : ''તમે શા કારણે અહીં આવ્યા છો ? અને તમે મને કેમ વખાણો છો ? તે કહો. તમારું જેમ કલ્યાણ થશે તેમ હું કરીશ. અમારો જન્મ પરોપકાર માટે છે એમાં સંશય નથી.''

ત્યારે બધા જનોએ કહ્યું : ''હે ઋષિવર ! અમારા આવવાનું કારણ સાંભળો. એક સંશય દૂર કરવા માટે અમે આપની પાસે આવ્યા છીએ. બ્રહ્માથી અને આપથી ઉત્તમ કોઈ નથી, માટે કાર્યવશાત્ અમે આપની પાસે આવ્યા છીએ. હાલ મહીજીત નામના અમારા રાજા છે પણ તેમને પુત્ર નથી. તેથી ચિંતામાં રહે છે, તેથી જ અમને ઘણો ખેદ થાય છે. હે મુને ! મહાત્માઓના દર્શનથી જ કાર્ય સિદ્ધ થાય છે. જેથી રાજાને પુત્ર થાય તેવો ઉપાય બતાવો.'' મુનિરાજે ક્ષણવાર ધ્યાન ધર્યું અને રાજાની પૂર્વ જન્મની **હકીકત** કહેવા લાગ્યા.

લોમશ ઋષિએ કહ્યું : ''હે જનો ! આ રાજા પૂર્વ જન્મમાં વૈશ્ય વર્ણનો હતો. નિર્ધન હતો ને નીચ કર્મ કરતો હતો. એક સમયે જ્યેષ્ઠ સુદ એકાદશીને દિવસે મધ્યાહ્ન વખતે વાણિયો ગામના સીમાડામાં આવ્યો તે વખતે તે તૃષાથી વ્યાકુળ થયો હતો. તેથી જળ પીવા જળાશય પાસે આવ્યો, તે વખતે તરત વીહાયેલી અને વાછરડાં સાથે ગાય તૃષાથી વ્યાકુળ થતી તે જ જળાશયમાં પાણી પીવા આવી. પાણી પીવા લાગી પણ ગાયને તૃપ્તિ થયા પહેલા ત્યાંથી હાંકી કાઢી, પોતે પાણી પીવા લાગ્યો. તે પાપના કારણે રાજાને અત્યારે પુત્ર થતો નથી. પણ પૂર્વના પુણ્યથી રાજ્ય મળ્યું છે તે ભોગવે છે.''

પછી આ વાત સાંભળી સર્વ જનોએ કહ્યુ : ''હે મુને ! પુણ્યથી પાપનો નાશ થાય છે, માટે રાજાનું પાપ નષ્ટ થાય ને રાજાને પુત્ર થાય તેવો ઉપાય બતાવો.''

લોમશ ઋષિએ કહ્યું : ''હે સર્વજનો ! શ્રાવણ સુદિ એકાદશી જે **પુત્રદા** એવા નામથી પ્રસિદ્ધ છે. તેનું વિધિથી **વ્રત** કરી, તે રાત્રિએ **જાગરણ** કરો. પછી તેનું પુણ્ય રાજાને આપો. આમ કરવાથી રાજાને અવશ્ય **પુત્ર પ્રાપ્તિ** થશે.''

લોમશ ઋષિના આવા વચન સાંભળી, હર્ષભેર લોકો નગરમાં આવ્યા. પછી જ્યારે શ્રાવણ માસની સુદ એકાદશી આવી ત્યારે ઋષિના કહેવા પ્રમાણે રાજા સહિત સઘળી પ્રજાએ આ વ્રત કર્યું અને દ્વાદશીને દિવસે રાજાને પુણ્ય આપ્યું. તેના પ્રભાવથી રાણીને નવ માસ પુરા થયે સુંદર બળવાન **પુત્રનો જન્મ** થયો.''



# રક્ષાબંધન (શ્રાવણી પૂર્ણિમા)

માત્ર મૃત્યુનો જ નહીં, અનેક પ્રકારના ભય, માનવીને વિઘ્નરૂપ બનતા હોય છે. ભર્તૃહરિ 'વૈરાગ્યશતક'માં કહે છે :

'भोगे रोगमयं, कुले च्युतिभयं, वित्ते नृपालाद्भयं; माने
दैन्यभयं, बले रिपुभयं रूपे जराया भयम् ।
शास्त्रे वादिभयं, गुणे खलभयं, काये कृतान्ताद्भयम्; सर्वं
वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयम् ।।३२।।'

"ભોગમાં રોગનો ભય છે, કુળમાં લાંછનનો ભય છે. બળમાં શત્રુનો ભય છે. રૂપમાં વૃદ્ધાવસ્થાનો ભય છે. શાસ્ત્રમાં વાદવિવાદનો ભય છે. ધનમાં રાજાનો ભય છે. (ધન રાજા હરી લેશે તેવો ભય) રાજકારણમાં પોતાનું પદ જતું રહે તેનો ભય છે."

આમ, અનેક પ્રકારના ભયને કારણે જ 'We have killed the poetry of life !' - 'આપણા જીવનનું માધુર્ય નાશ પામી ગયું છે !' આપણા જીવનની મીઠાશ જતી રહી છે. દેહરક્ષા એજ જાણે જીવન ! આવા યુગમાં રક્ષાનું ભાવનાત્મક પ્રતીક કેટલી સાંત્વના આપે છે ! રાખડીને અમરત્વ સાથે સાંકળી લેવામાં આવી છે, જે ભલે માત્ર ભાવના હોય ! આ મૃત્યુલોકમાં મૃત્યુ નિશ્ચિત જ છે, પરંતુ 'રક્ષા'નો અર્થ એ છે કે, એવું મૃત્યુ મળે કે જેથી લોકોના હૃદયમાં એ મહામાનવની મૂર્તિ શાશ્વત સમય સુધી સ્થિર રહે.

રાવણે અમર રહેવા ઘણો પ્રયત્ન કરેલો, છતાં સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** લખે છે તેમ :

**'ક્યાં ગયું કુળ રાવણ તણું, સગરસુત સાઠ હજારજી;**
**ન રહ્યું નાણું રાજા નંદનું, સર્વે સુપન વે'વારજી.'**

(કીર્તનામૃત : પેજ નં.૩૯૪)

હિરણ્યકશિપુએ ઘોર તપસ્યા કરીને બ્રહ્માજીની પ્રસન્નતા મેળવીને વરદાન મેળવ્યું હતું કે, કોઈ માનવી, પશુ, દેવતા, દૈત્ય કે નાગ વગેરેથી મારું મૃત્યુ ક્યારેય ન થાય. હું ઘરમાં કે બહાર, દિવસે કે રાત્રે, અસ્ત્ર કે શસ્ત્રથી પૃથ્વી કે આકાશમાં ક્યાંય ક્યારેય મરું નહીં... બસ, અમર બની પૃથ્વીનો એકછત્ર સમ્રાટ બનું. આ રીતે અનેક વરદાનો માગ્યા હતા તોપણ ભગવાન નૃસિંહ રૂપે પ્રગટ થઈને હિરણ્યકશિપુરૂપી દૈત્યનો નાશ કર્યો.

સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** કહે છે :

**'પ્રકૃતિપુરુષ પ્રલયમાં આવે, ભવ બ્રહ્મા ન રહે કોય રે;**
**ચૌદ લોક ધામ રહેવા ન પામે, સર્વે સંહાર હોય રે.'**

(શ્રી નિષ્કુળાનંદ કાવ્ય - ચોસઠપદી : ૫૮ - ૫૯)

માણસે દેહની રક્ષા એ જ જીવન માન્યું છે, એટલે જ તેને મલીન દેવતા અને ભૂવા-જાગરિયાઓનો આશરો લેવામાં દોડાદોડી કરવી પડે છે; પરંતુ 'ભગવદ્ ગીતા'માં કહ્યું છે : 'जातस्य हि ध्रुवो मृत्युः' - 'જન્મ્યા તેનું મૃત્યુ તો નિશ્ચિત જ છે.' (૨/૨૭) હા, જ્યાં ભગવાન છે ત્યાં કાળનો હાથ પહોંચતો નથી ! તેઓ ભલે કદાચ દેહની રક્ષા કરે કે ન કરે પણ જીવની રક્ષા જરૂર કરે છે. જીવની રક્ષા અર્થાત્ જીવ એકાંતિક ધર્મમાંથી - ભગવાનના માર્ગમાંથી પડી ન જાય એવું આત્માનું કવચ આપવું !

સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** પોતાની વાતોમાં કહે છે :

"**ભગવાન** તો પોતાના **ભક્ત**ની **રક્ષા** કરવામાં જ બેઠા

છે. કેની પેઠે ? તો જેમ પાંપણ આંખની રક્ષા કરે છે, ને હાથ ડોકની રક્ષા કરે છે, ને માવતર છોકરાંની રક્ષા કરે છે, ને રાજા પ્રજાની રક્ષામાં છે; તેમજ **ભગવાન** આપણી **રક્ષા**માં છે.''

(સ્વામીની વાતો, પ્રકરણ : ૧, વાત : ૨૨)

એકવાર અર્જુને પોતાના સારથિ બનેલા ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજીને પ્રશ્ન પૂછ્યો : ''હે ભગવન્ ! હું યુદ્ધમાં મૃત્યુ પામું તો તમે શું કરો ?''

ત્યારે **શ્રીકૃષ્ણ** ઉત્તર આપતા કહે છે : ''હું તને મરવા જ ન દઉં બ્રહ્માસ્ત્ર પણ રોકી દઉં. કારણ કે 'धनञ्जयस्तु आत्मा कृष्णस्य ।' - તું તો મારો આત્મા છે. હું તને કેવી રીતે મરવા દઉં ?'' અને એકવાર યુદ્ધમાં એવું થયું પણ ખરું. અશ્વત્થામાએ અર્જુન ઉપર બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો. ભગવાન શ્રીકૃષ્ણના ઐશ્વર્ય અને સાનિધ્યથી અર્જુન ઉપર તેની કોઈ અસર ન થઈ !

મહાભારતનું યુદ્ધ પૂરું થયું ત્યારે ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજીએ અર્જુનને રથમાંથી નીચે ઉતરવા કહ્યું. પાર્થને આ સાંભળી આશ્ચર્ય તો થયું કારણ કે રોજ તો શ્રીકૃષ્ણ ભગવાન પ્રથમ નીચે ઉતરતા અને પછી અર્જુનને નીચે ઉતારતા. આજે શ્રીકૃષ્ણે એ ક્રમ ઉલટાવ્યો. તેથી અર્જુને પૂછ્યું : ''દયાળુ ! આજે આમ અવળું કેમ ?'' પરંતુ ભગવાને જવાબ આપ્યા વિના અર્જુનને પ્રથમ નીચે ઊતાર્યો. પછી પોતે જેવા ઉતર્યા કે તરત જ આખો રથ ભડભડ કરતો સળગી ઉઠ્યો ! અર્જુન તો હતપ્રભ થઈ આ જોઈ જ રહ્યો. તેની આંખોમાં ઘૂંટાતું આશ્ચર્ય જોઈ ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું : ''જો પાર્થ ! આ રથ પર કૌરવસેનાના યોદ્ધાઓએ અનેક અસ્ત્ર-શસ્ત્રના પ્રહાર કરેલા. તેને કારણે તે ક્યારનોય બળીને ખાખ થઈ જવાનો હતો. પણ હું તે રથમાં બેસતો હતો, તેથી તેની અને તારી રક્ષા થતી હતી. આજે યુદ્ધ પૂરું થયું. તેથી હવે હું જો પહેલાં નીચે ઉતર્યો હોત તો રથ ભેગો તું પણ ભસ્મીભૂત થઈ જાત.''

અર્જુને આ સાંભળ્યું ત્યારે તેને થયું કે, ''અહોહો ! આપણને ખબર પણ ન પડે તે રીતે ભગવાન આપણી કેવી રીતે રક્ષા કરે છે !''

સાચે જ શ્રીકૃષ્ણ ભગવાને મહાભારતના યુદ્ધમાં આ કહ્યું તે પ્રમાણે કરી પણ બતાવ્યું. તેથી જ સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી કહે છે : **'હો હરિ તુમ સાચે હિતકારી, શરણાગત કી બાંહ ન છોડો; યેહી અચલ હરિ ટેક તુમ્હારી...'**

વળી, સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** પોતાની વાતોમાં કહે છે :

**''...અને કોઈક વાતની ચિંતા આવે તો ભગવાનને માથે નાખી દેવી;** ને આપણે તો બળિયા નહિ ને એ તો બળિયા તે એને રક્ષા કરતાં આવડે; જેમ પ્રહ્લાદની **રક્ષા** કરી તેમ અનેક પ્રકારે રક્ષા કરે...''

(સ્વામીની વાતો, પ્રકરણ : ૧, વાત : ૩૧૦)

આ પ્રકારની રક્ષા ભગવાનની શરણાગતિ સિવાય ક્યારેય થતી નથી. અને આવી શરણાગતિનો મર્મ **'રક્ષાબંધન'**ના પર્વમાં સમાયેલો છે.

ભારતીય સંસ્કૃતિના ધર્મશાસ્ત્રકારો તો સૂતરના તાંતણામાં પણ કશુંક રહસ્ય ગૂંથી દે છે. આવા તંતુ ભેગા કરીને જે રક્ષાસૂત્ર કે જનોઈસૂત્ર રચાય એની તો અદ્‌ભુત શક્તિ પ્રગટે છે. 'રાખડી' અને 'જનોઈ' તો રક્ષણ, પ્રેમ અને વિદ્યાનો અમર સંદેશ આપે છે. 'રાખડી'માં હૃદયનો નિર્મળ અને નિઃસ્વાર્થ પ્રેમનો લાલરંગ વણાયો છે. પ્રેમનો રંગ લાલ મનાયો છે. જનોઈ (યજ્ઞોપવીત)નું શ્વેત સૂત્ર તો વિદ્યાબળ તેમજ બ્રહ્મતેજનું પ્રતીક છે. જીવનમાં પ્રેમ અને વિદ્યાની સુગંધ ન ભળે, તો જીવન રસકસ વિનાનું શુષ્ક બની જાય. આવા ઊંચા ખ્યાલથી આપણા ઋષિમુનિઓએ શ્રાવણી-પૂર્ણિમાનો તહેવાર બનાવ્યો છે. રક્ષાસૂત્ર તો માત્ર કાચા દોરાનું ક્ષણિક બંધન ન રહેતા હૃદયનું અતૂટ બંધન બની રહે છે. શ્રીહરિ કવચ, પુરુષોત્તમ કવચ, જનમંગલ સ્તોત્ર વગેરે રક્ષા કવચ જેવા કવચ-સ્તોત્રોનો પાઠ કરીને શરીરના સર્વ અંગોની રક્ષા કરવા માટે જેમ કોઈ પરમાત્માની પ્રાર્થના કરે છે, તેમ રાખડી બાંધીને-બંધાવીને ભાઈ-બહેન, નર-નારી, કે પુરોહિત-યજમાન એકબીજાનું રક્ષણ કરવાની જાણે પ્રતિજ્ઞા લે છે. રાષ્ટ્રીય તહેવારે રાષ્ટ્રના પ્રતીક ચિહ્ન સમા ધ્વજને ફરકાવીને રાષ્ટ્રરક્ષણની પ્રતિજ્ઞા લેવાય છે. તો શ્રાવણી પૂર્ણિમાએ કોઈપણ ભાઈ કે કોઈપણ પુરુષ-બહેન કે સ્ત્રી દ્વારા હાથમાં રાખડી બંધાવીને એના જીવનભર રક્ષણનું જાણે વ્રત લે છે. આ પર્વની સાચી ભાવના સમજાય તો વેરઝેરના બદલે પ્રેમ-સ્નેહનું સંવાદી સંગીત રચાય.

રક્ષાબંધન આમ તો સૂતરનો ધાગો તથા ભાઈના કાંડાનો મહિમા વર્ણવતું પર્વ છે, પરંતુ આ ધાગાની અંદર રહેલી બહેનની હૃદયિક ભાવનાઓનું મૂલ્ય લાખો-કરોડો રૂપિયા કરતાં ઊંચું છે. બહેન તો પારકું ધન ગણાય છે તેથી દર વરસે રાખડીના દિવસે ભાઈના કાંડે રાખડી બાંધવા પ્રત્યક્ષ રીતે હાજર ન રહી શકે તો પણ દર વરસે ભૂલ્યા કે ચૂક્યા વગર પોતાના ભાઈ માટે ટપાલથી, કુરિયરથી કે કોઈ પરિચિત વ્યક્તિ સાથે



ભારતીય સંસ્કૃતિના ધર્મશાસ્ત્રકારો તો સૂતરના તાંતણામાં પણ કશુંક રહસ્ય ગૂંથી દે છે. આવા તંતુ ભેગા કરીને જે રક્ષાસૂત્ર કે જનોઈસૂત્ર રચાય એની તો અદ્‌ભુત શક્તિ પ્રગટે છે. 'રાખડી' અને 'જનોઈ' તો રક્ષણ, પ્રેમ અને વિદ્યાનો અમર સંદેશ આપે છે. 'રાખડી'માં હૃદયનો નિર્મળ અને નિઃસ્વાર્થ પ્રેમનો લાલરંગ વણાયો છે.

રાખડી અવશ્ય મોકલે છે. રાખડીમાં એક ગજબની તાકાત તથા બહેનનો અતૂટ વિશ્વાસ સમાયેલો છે. બચપનથી જે ભાઈ-બહેન સાથે ઊછર્યા, સાથે રમ્યાં તે મોટા થઈ વિખૂટાં પડ્યાં પછી પણ રાખડીના માધ્યમથી એકબીજા સાથે મરણપર્યંત જોડાયેલા જ રહે છે.

સ્વાર્થપીડિત સંસારમાં નિઃસ્વાર્થ સંબંધોની અદ્‌ભુત ઘટના ભાઈ-બહેન વચ્ચેના પ્રેમની છે. આપણી ભારતીય સંસ્કૃતિના સ્મૃતિકાર **મનુ** કહે છે : 'यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ।' (મનુસ્મૃતિ : ૩/૫૬) - નારીને આદર એટલે સમાજના ચારિત્ર્યની નક્કરતા. ભોગદૃષ્ટિ ફેરવી દરેક સ્ત્રીને સંયમદૃષ્ટિએ જોવાનો આદેશ રક્ષાબંધન પાછળ છૂપાયેલો છે.

પોતાની બહેનને અનિષ્ટ તત્ત્વોથી રક્ષણનું છત્ર આપવાની **બાંહેધરી** આપતો ભાઈ આજે બહેન પાસે **'રક્ષા'**રૂપે **શુભેચ્છાઓ** મેળવે છે. ભાઈના લલાટ પર કંકુ અને ચોખા ચોડતી બહેન ભાઈની નિર્મળ બુદ્ધિ અને અણિશુદ્ધ વર્તનને પૂજે છે. જાણે ભાઈના મસ્તકે ત્રીજું લોચન ખૂલ્યું હોય તેવો ચાંદલો અને ચોખાનો દેખાવ ત્રિલોચન શિવની યાદ અપાવે છે, જે લોચનથી શિવે કામવાસનાનું દહન કરી નાખ્યું હતું. માત્ર દૃષ્ટિ પરિવર્તન નહીં, વૃત્તિ પરિવર્તનનું આ પર્વ વિશુદ્ધ પ્રેમનું પર્વ બનીને આવે છે.

જ્યારે આપણા દેશ પર દુશ્મન દેશો ચઢાઈ કરે છે ત્યારે આપણા ફૌજી જવાનો દુશ્મનને લલકારવા તત્પર હોય છે. જ્યારે તેમનો ઉત્સાહ જાળવી રાખવા તથા તેમના પ્રાણની રક્ષા કાજે સરહદ વિસ્તારમાં રહેતી બહેનો વીર જવાનોના કપાળમાં કુમકુમનું તિલક કરી, આરતી ઉતારી, તેમના હાથે પવિત્ર રક્ષા બાંધી હસતા મુખે યુદ્ધ લડવા વિદાય આપે છે.

પૂર્વે પોતાની પણ અન્ય દુષ્ટોથી રક્ષા થાય માટે સ્ત્રી પતિને રાખડી બાંધતી. હવે બહેનો પણ પોતાની અન્ય વિકૃત લોકોથી શીલરક્ષા થાય તે માટે ભાઈને રાખડી બાંધે છે. આ પર્વ સમાજમાં ચારિત્ર્ય-શક્તિને વધુ મજબૂત કરવાનો મર્મ વ્યક્ત કરે છે. ભવિષ્યોત્તર પુરાણમાં આશીર્વાદરૂપે પુરોહિતો શ્લોકનું ગાન કરે છે : 'येन बद्धो बलिराजा दानवेन्द्रो महाबलः । तेन त्वामभिबध्नामि रक्षे मा चल मा चल ।।' (૧૩૭/૨૦) - 'દાનાવરાજ મહાબળવાન બલિરાજા જેના વડે બંધાયેલા-રક્ષાયેલા છે તો રક્ષા (રાખડી)થી હું તાનો (યજમાનને) બાંધું છું. માટે હે રક્ષા (રાખડી) ! તું આ વ્યક્તિની રક્ષામાંથી ચલિત થતી નહીં, જરાય ચલિત થતી નહીં.'



પોતાની બહેનને અનિષ્ટ તત્ત્વોથી રક્ષણનું છત્ર આપવાની **બાંહેધરી** આપતો ભાઈ આજે બહેન પાસે **'રક્ષા'**રૂપે **શુભેચ્છાઓ** મેળવે છે. ભાઈના લલાટ પર કંકુ અને ચોખા ચોડતી બહેન ભાઈની નિર્મળ બુદ્ધિ અને અણિશુદ્ધ વર્તનને પૂજે છે. જાણે ભાઈના મસ્તકે ત્રીજું લોચન ખૂલ્યું હોય તેવો ચાંદલો અને ચોખાનો દેખાવ ત્રિલોચન શિવની યાદ અપાવે છે.

શ્રાવણી પૂર્ણિમાને સમગ્ર ભારતવર્ષ **'રક્ષાબંધન'**ના **પવિત્ર પર્વ** તરીકે ઊજવે છે. ભાઈ-બહેનાના સંબંધોમાં સુગંધ ભરતા આ ઉત્સવના બીજા પણ અનેક મર્મ છે, ઈતિહાસ છે અને અનેક પૌરાણિક કથાઓ પણ છે.

બલિરાજાએ ભગવાનને સર્વસ્વ અર્પણ કર્યું ત્યારે ભગવાન વૈકુંઠ છોડી તેની **અખંડ રક્ષા** માટે સુતલમાં રહ્યા. પતિ ચાલ્યા જવાથી લક્ષ્મીજીને મૂંઝવણ થઈ. શ્રાવણી પૂર્ણિમાએ તેઓ બલિ પાસે ગયા. તેને રાખડી બાંધી **'ભાઈ'** તરીકે સ્થાપિત કર્યો. બલિરાજાએ બહેનને કંઈ માગવા કહ્યું. ત્યારે લક્ષ્મીજીએ કહ્યું : ''ભાઈ ! મારે તો પતિ હોવા છતાં વૈધવ્ય જેવું થયું છે. માટે ભગવાન મને આપી દે.''

ભગવાન તો બલિરાજાની રક્ષામાં વચનબદ્ધ થયા હતા. પરિસ્થિતિ વિકટ થઈ. છેવટે સમાધાન કર્યું કે ચાર મહિના બ્રહ્માજી, ચાર મહિના શિવજી અને ચાર મહિના ભગવાન વિષ્ણુ બલિની રક્ષામાં રહે. આ પછી ભગવાન વિષ્ણુ અષાઢ સુદ એકાદશીથી કારતક સુદ એકાદશી સુધી સુતલમાં રહે છે.

બલિરાજાએ જેમ આત્મનિવેદન કરી ભક્તિ કરી લીધી, તેમ આપણે પણ **'બલિ-ઈવ'** એટલે બલિ જેવી ભક્તિ કરવી જોઈએ અને એ જ છે સાચી **બળેવ !** લક્ષ્મીજીએ બલિરાજાને રાખડી બાંધી ત્યારથી **રક્ષાબંધન** પર્વની શરૂઆત થઈ મનાય છે.

રક્ષાબંધનની પૌરાણિક કથા **ભવિષ્યપુરાણ**માં આ રીતે કહેવામાં આવી છે :

દેવ અને દાનવોનો બાર વર્ષ સુધી **મહાસંગ્રામ** થયો હતો. એમાં દાનવોએ ઈન્દ્ર સહિત સર્વ દેવોને જીતી લીધા, પરંતુ ઈન્દ્ર સહિત તમામ દેવો ફરીથી દાનવો સાથે યુદ્ધ કરવા તત્પર થયા. તે સમયે ઈન્દ્રાણીએ પોતાના પતિ ઈન્દ્રને રક્ષાબંધન પર્વનો મહિમા સમજાવી રક્ષા બાંધી. જેના પ્રતાપથી તેઓ દાનવોને પરાજિત કરી ફરીથી શ્રેષ્ઠ દેવ બની ગયા.

મહાભારતના યુદ્ધમાં નાનકડો અભિમન્યુ કૌરવો સાથે યુદ્ધ કરવા પ્રયાણ કરે છે ત્યારે અભિમન્યુના જીવનની રક્ષા કાજે માતા કુંતા અભિમન્યુના ઓવારણા લઈને તેના હાથે રાખડી બાંધે છે અને કુંતા માતા બાળ અભિમન્યુને પાણી ચઢાવતાં ગાય છે કે, **'કુંતા અભિમન્યુને બાંધે અમર રાખડી રે લોલ...'** પાંડુ પત્ની









કુંતાજીએ અર્જુનપુત્ર અભિમન્યુને અમર-રક્ષા બાંધીને તેની કીર્તિ પ્રસરાવી હતી. એ અલગ બાબત છે કે ભગવાન શ્રીકૃષ્ણે છળ-કપટથી અભિમન્યુના હાથેથી રાખડી છોડાવી નાખી હતી અને અંતે અભિમન્યુ મૃત્યુને ભેટ્યો હતો.

એકવખત ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજી દ્રૌપદી તથા બીજી રાણીઓ સાથે ફરતાં ફરતાં એક વાડીમાં પ્રવેશ્યા, જ્યાં શેરડીને વાડીમાં લહેરાતી જોઈને ભગવાનને શેરડી ખાવાની ઈચ્છા થઈ. ભગવાન શેરડીને છોલી રહ્યા'તા તે વખતે તેમને આંગળીએ વાગતા લોહીની ધારા છૂટી હતી. તે જોઈને સૌ કોઈ રાણીઓ ગભરાઈ ગઈ અને આંગળીએ પાટો બાંધવા ચીર શોધવા લાગી. પરંતુ દ્રૌપદીએ તરત જ પોતાનું પહેરેલ વસ્ત્ર (સાડી)માંથી ચીંથરું ફાડીને શ્રીકૃષ્ણ ભગવાનની આંગળીએ બાંધી દઈને લોહીને વહેતું બંધ કર્યું. ત્યારે ભગવાને દ્રૌપદીને પોતાની બહેન માની હતી.

દ્રૌપદીએ ભગવાન શ્રીકૃષ્ણના હાથે બાલ્યાવસ્થામાં રાખડી બાંધી હતી અને રાખડીનું કર્જ ચૂકવવાના હેતુથી જ્યારે ભરસભામાં દ્રૌપદીની લાજ કૌરવો દ્વારા લૂંટાતી હતી ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે ૯૯૯ સાડીઓ દ્રૌપદીને પહેરાવીને તેની લાજ લૂંટાતી બચાવી હતી. રક્ષાબંધનના પર્વ પાછળ આ એક માન્યતા આપણા પૌરાણિક ગ્રંથોમાં છે.

એક કથા એવી છે કે સૌપ્રથમ સૂર્યદેવની પુત્રી તથા યમરાજાની ભગિની યમીએ (હાલની યમુના નદીએ) પોતાના વીરા યમરાજાની રક્ષા કાજે રાખડી બાંધી હતી.

કજિયા, કંકાસ, વિગ્રહ, કોમવાદ અને વૈમનસ્યના શ્યામ માર્ગેથી પ્રણય, પ્રેમ, પ્રીતિ અને સુમેળના રંગભર્યા માર્ગે પ્રસ્થાન કરવાની અને પરસ્પરનું **રક્ષણ** કરવાની **પ્રેરણા** રક્ષાસૂત્ર આપે છે. મેવાડની રાણી **કર્માવતી**એ પણ મોગલ બાદશાહ **હુમાયુ**ને અલાઉદ્દીન ખીલજીના ત્રાસમાંથી મુક્તિ અપાવવા રાખડી મોકલાવી પોતાનો ભાઈ બનાવ્યો હતો. તો સામે પક્ષે હુમાયુએ પણ બહેનની મદદ કરવા મેવાડ તરફ પૂરતી ફોજ મોકલી આપી હતી. એ જુદી બાબત છે કે રાણી કર્માવતીને મદદ મળે તે પહેલાં જ તેણે ત્રણસો રજપૂતાણીઓની આગેવાની લઈને સળગતી આગમાં કૂદીને પોતાના પ્રાણની આહુતિ આપી દીધી હતી.

પછી તો બાદશાહ હુમાયું આ રાખડીનું **કર્જ** ના ચૂકવી શકવાને કારણે અત્યંત **દુઃખી** થઈ ગયો હતો અને ત્રણ દિવસ સુધી ખાધા-પીધા વિના પોતાની ધર્મની બહેન રાણી કર્માવતીની ચિતાની રાખ પાસે બેસીને **આંસુ** સારતો હતો.

આ 'રક્ષાબંધન' પર્વની ઉજવણી ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવનમાં પણ જોવા મળે છે. ગઢડા મધ્ય પ્રકરણના ૯મા વચનામૃતના પરથારામાં ઉલ્લેખ છે કે, આનંદાનંદ સ્વામીએ શ્રાવણ સુદી ચૌદશને દિવસે શ્રીજીમહારાજની પૂજા કરીને હાથે રાખડીઓ બાંધી હતી.

સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામીએ પોતાના એક કીર્તનપદમાં આ પર્વની ઉજવણી વિષે નોંધ કરી છે : **'મળીએ મોહન બાંયે બાંધી રાખડી રે...'** સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામી પણ કહે છે : **'રાખી માંહી ગૂંથીને રાખ્યો, મોતીડાંનો ઝૂડો રે; હેતાળ હરિવરને હાથે, લાગે છે અતિ રૂડો રે...'**

કરજીસણના **ગોવિંદભાઈ**ને નારદીપુરના નાનાભાઈથી સત્સંગ થયો હતો. તેઓને જ્યારથી સત્સંગ થયો ત્યારથી દર શ્રાવણ માસમાં તે કરજીસણથી સાઠ ગાઉ ચાલીને શ્રીજીમહારાજને રાખડી બાંધવા ગઢડા જતા હતા. ત્રણ દિવસે ગઢડા પહોંચી જતા. વરસાદને લીધે વાંસના ટોપ સાથે રાખતા ને વરસાદ પડે ત્યારે તે ઓઢી લેતા. ભગવાન શ્રીહરિ પણ તેઓની રાખડી પ્રેમથી સ્વીકારતા.

આજે પણ આ **'રક્ષાબંધન'**ના પર્વે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં હજારો હરિભક્તો સંસારની મોહમાયાથી **રક્ષણ** મેળવવા માટે જેમને શ્રીજીમહારાજે ધર્મની રક્ષાર્થે પોતાના સ્થાને સ્થાપિત કર્યા છે એવા ધર્મભૂષણ પ.પૂ. **ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી**-પ.પૂ. **લાલજી મહારાજશ્રી** તથા **બ્રહ્મનિષ્ઠ પૂ. સંતો** પાસે રાખડી બંધાવીને નાસ્તિક, કુંડાપંથી, શુષ્કવેદાંતી અને શક્તિપંથી જેવા કુસંગથી અને મનના કુસંગથી બચવા, ભગવાન અને તેઓએ સ્થાપિત કરેલા દેવો, મંદિરો, ધર્મવંશી આચાર્યપદ, સંતો અને હરિભક્તોમાં મનુષ્યભાવ ન આવી જાય તે માટે રક્ષા માગવી. કોઈના કુવચનોથી મૂળ સંપ્રદાયથી વિખૂટું પડી ન જવાય તેવું બખતર

માગવું. જેમ ભક્ત પ્રહ્‌લાદજીએ ભગવાન પાસે માગ્યું હતું કે, ''હે ભગવન્! આપ જેની દરકાર પણ ન કરો, તેવા પ્રાણીઓ માટે પણ આપે કરેલી રક્ષા એ જ ક્ષણભરનું આલંબન છે. હું તો આ સંસારના ઉગ્ર અને અસહાય ચક્રથી ત્રાસ્યો છું. મારે લાંબુ આયુષ્ય કે લક્ષ્મી, બ્રહ્માનો વૈભવ કે ઈન્દ્રિયોના ભોગ-વૈભવ કાંઈ જોઈતું નથી. અષ્ટસિદ્ધિની પણ મને કામના નથી. મને તો બસ, આપ આપના ભક્તજનોની પાસે જ લઈ જાઓ. તેનો દાસ બનાવો. અને આપે મારા પ્રાણની રક્ષા કરી, મારા પિતાનો નાશ કર્યો, તે મારા માટે નહીં, બીજા માટે રક્ષા કરી છે. મારે તો માત્ર આત્મકલ્યાણ જોઈએ છે, એ માટે આપ મારા ઈન્દ્રિયો-અંતઃકરણના શત્રુ થકી મારી રક્ષા કરો.'' આમ, પ્રહ્‌લાદ જેવી **આત્મરક્ષા** માગી લેવી, એ જ આ ઉત્સવનો **મર્મ** છે.

રક્ષાબંધનને **બળેવ** તરીકે પણ ઓળખવામાં આવે છે. બળેવનું પર્વ બ્રાહ્મણો માટે બહુ મહત્ત્વનું **પાવન પર્વ** છે. આજના દિવસે તમામ બ્રાહ્મણો સમૂહમાં ભેગા મળી નદી કિનારે જઈ જૂની યજ્ઞોપવીત બદલીને નવી **યજ્ઞોપવીત** ધારણ કરે છે તથા હેમાદ્રિ સ્નાન કરે છે. શાસ્ત્રકારો કહે છે કે, આ યજ્ઞોપવીતમાં એવી શક્તિ છે કે, ભૂત, પિશાચ કે આસુરી તત્ત્વો પણ આ યજ્ઞોપવીતથી દૂર ભાગે છે. રાજા-મહારાજાઓ પણ બ્રાહ્મણોનું બહુ માન-સન્માન કરી **દાન-દક્ષિણા** આપી બ્રાહ્મણદેવતાઓના **આશીર્વાદ** મેળવતા હતા.

આપણા ધર્મશાસ્ત્રોમાં જન્મથી મૃત્યુ સુધીના **સોળ સંસ્કાર** બતાવ્યા છે. 'સંસ્કાર' એટલે જીવનને સંસ્કારી બનાવવાની ક્રિયા. જનોઈ ધારણ કરી વિદ્યાભ્યાસનો આરંભ કરાય તે **'યજ્ઞોપવીત-સંસ્કાર.'** યજ્ઞોપવીત સંસ્કારથી માણસ સાચો બ્રાહ્મણ બને છે. જનોઈ ધારણ કરવી એટલે વૈદિક વિચારધારા પ્રમાણે વિદ્યા, બુદ્ધિ અને પ્રતિભાની દીક્ષા લેવી. એ માટેનો દૃઢ સંકલ્પ કરવો. જનોઈ ધારણ કરીને કે બદલીને આવો સંકલ્પ કરાય છે. 'યજ્ઞોપવીત પરમ પવિત્ર છે. તે મને બળ, તેજ અને આયુષ્ય આપે. આ શરીર જીર્ણ થાય તો પણ બુદ્ધિ જીર્ણ ન થાય. મારી બુદ્ધિ અને વિદ્યા હંમેશા તેજસ્વી રહે. હું મેધાવી (પ્રતિભાશાળી) બનું' જનોઈ તો પ્રતિભા અને બ્રાહ્મ તેજ પ્રગટાવવાનો જ સંદેશ આપે છે.

જનોઈમાં મુખ્ય ત્રણ દોરા અંતર્ગત **નવ સૂત્રો** (તંતુ) હોય છે. નવ દેવો સર્વ કાર્યોની સાક્ષીમાં રહે અને અશુભ થકી **રક્ષા** કરે તેવો યજ્ઞોપવીત ધારણનો **મર્મ** છે. જનોઈના નવ તાંતણા ત્રણ-ત્રણમાં ગૂંથી, ત્રિસૂત્રી બનાવીને તેની ગાંઠ મરાય છે. આ ત્રિસૂત્રી અને ગ્રંથિ (બ્રહ્મગાંઠ) એટલે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એ ચારેય વેદ, જનોઈ દ્વારા આ રીતે ધારણ કરાય છે, જે **વેદાભ્યાસ તરફ** વળવાની **પ્રેરણા** આપે છે.


યજ્ઞોપવીત તો એક એવું **પવિત્ર બંધન** છે, જે કુસંસ્કારોથી અટકાવીને જ્ઞાન-વિજ્ઞાનથી ભર્યું ભર્યું જીવન જીવવા કટિબદ્ધ કરે છે. બળ, તેજ અને ભગવાન ભજવા માટે આયુષ્ય આપનાર યજ્ઞોપવીત એ ભારતીય સંસ્કૃતિનું **પ્રતીક** અને અસ્મિતાનું **દ્યોતક** છે. આ ભાવનાઓ સાથે **જવાબદારીઓનું પુનઃ ભાન** થાય તે માટે **દર વર્ષે** જનોઈ બદલાય છે.

જનોઈ પવિત્ર રાખવા મળ-મૂત્રાદિ ત્યાગ કરતી વખતે ડાબા ખભાથી લઈ જમણા કાન ઉપર ચઢાવવામાં આવે છે. જેથી જનોઈનો નીચેનો છેડો આપણા શરીરની નાભિથી ઉપર રહે તેથી જનોઈ અપવિત્ર ન થાય.


રક્ષાબંધનને **નારિયેળી પૂનમ** તરીકે પણ ઓળખવામાં આવે છે. સાગરખેડુઓ, માછીમારો તથા મરજીવાઓ સાગરની અબીલ, ગુલાલ, કંકુ તથા નારિયેળથી પૂજા કરે છે. આમ, રક્ષાબંધન, બળેવ કે નારિયેળી પૂનમનું પર્વ ભાઈ-બહેનથી લઈ - બ્રાહ્મણો, સાગરખેડુઓ તથા મરજીવાઓ તમામ માટે મહત્ત્વનું પર્વ છે.

માછીમારો પોતાની રક્ષા માટે દરિયાદેવને પ્રસન્ન કરવા આ દિવસે નારિયેળથી દરિયાનું પૂજન કરે છે. વેપારીઓ તથા નાવિકો પણ આ પૂજનમાં જોડાય છે. સ્થિતપ્રજ્ઞતાના પ્રતીક સમા અને વિનિમયના માધ્યમ સમા સાગરનું પૂજન ખાસ કરીને ભારતમાં કોંકણ અને મલબારમાં વધુ પ્રચલિત છે. શ્રીફળથી કરાતા સમુદ્ર-પૂજનને કારણે આ પૂનમ **'નારિયેળી પૂનમ'** તરીકે પ્રસિદ્ધ છે.

આપણે જાણે-અજાણે સંસારસાગરમાં ઝંપલાવી દીધું છે. આ સાગરમાં તો કામ-ક્રોધાદિક મગરમચ્છો પણ હોય અને ચડતી-પડતીરૂપી ભીષણ ભરતી અને ઓટ પણ આવ્યા જ કરતી હોય છે. સુખ-દુઃખના મહાકાય મોજાંઓ પણ માનવીના જીવનમાં મોટો ઝંઝાવાત સર્જી શકે છે. આવા સંસાર-સાગરને પાર કરી, ભગવાનના ધામને પામવું એ જ માનવજીવનનું **ધ્યેય** છે, અને એ જ જીવતરનું **સાર્થક્ય** છે.



# શ્રીકૃષ્ણ જન્માષ્ટમી



પૃથ્વી ઉપર જ્યારે સમગ્ર માનવજીવન અંધારામાં સપડાયું હતું. સમાજ સત્તા અને સંપત્તિના શોષણથી પીડાતો હતો. લોકો ઉપર આપત્તિઓનો વરસાદ મુશળધાર રીતે વરસી રહ્યો હતો. દુઃખદૈત્યના કાળાં વાદળ સમાજને ગડગડાટ કરતા ધમકી આપતા હતા. પવિત્ર લોકો પણ અધ્યાત્મમાં ગળકા ખાઈ રહ્યા હતા. ગરીબો અને ઉપેક્ષિતો સહારાની રાહ જોઈ તલસી રહ્યા હતા. સમગ્ર સમાજ અનેકવિધ તાપોની ચરમસીમાએ પહોંચી ગયો હતો. ત્યારે દુર્ભેદ્ય અધર્મ અંધકારના ચૂરેચૂરા કરી સદ્ધર્મને સ્થાપવા, અનેક સાચા સંતો - ઋષિમુનિઓ તથા ભક્તોના ભાવોને પૂર્ણ કરવા તથા ગાય-બ્રાહ્મણોનું અને સત્શાસ્ત્રોનું રક્ષણ કરી સમગ્ર જીવપ્રાણી માત્રનો નવપલ્લવિત કરવા આ ભારતવર્ષમાં ભગવાનનું પ્રાગટ્ય થયેલું છે.

ભારતવર્ષને ભગવાનનું બિરુદ છે :

'યદા યદા હિ ધર્મસ્ય, ગ્લાનિ ર્ભવતિ ભારત ।
અભ્યુત્થાનમધર્મસ્ય, તદાત્માનં સૃજામ્યહમ્ ॥
પરિત્રાણાય સાધૂનામ્, વિનાશાય ચ દુષ્કૃતામ્ ।
ધર્મસંસ્થાપનાર્થાય, સંભવામિ યુગે યુગે ॥'

જ્યારે જ્યારે ધર્મનો નાશ થાય, અધર્મની વૃદ્ધિ થાય, સત્પુરુષોને અતિ કષ્ટ થાય તેવા દુષ્કૃત્યો સર્જાય ત્યારે ત્યારે ધર્મનું સ્થાપન કરવા દરેક યુગે યુગે હું જન્મને ધારણ કરું છું.

(શ્રીમદ્ ભગવદ્ ગીતા : ૪/૭-૮)

આજથી પાંચ હજાર વર્ષ પહેલા દ્વાપરયુગના અંતમાં ક્રૂર કંસમામાએ તેના છ ભાણેજોને એક પથ્થરની શિલા પર પટકીને શરમ સંકોચ વિના મારી નાખ્યા હતા. હવે સાતમા બાળક તરીકે શ્રી બલરામજી માતા દેવકીના ગર્ભમાં આવ્યા હતા, પરંતુ ભગવાન શ્રીકૃષ્ણની યોગમાયા થકી બલરામજીનું સ્થાનાંતર વસુદેવજીની બીજી પત્ની રોહિણીના ગર્ભમાં કરવામાં આવ્યું. આ બાજુ દેવકીને સાતમું બાળક જન્મ્યું ન હોવાથી કંસ અને તેના દુષ્ટ મિત્રોએ માની લીધું કે, દેવકીને ગર્ભપાત થઈ ગયો છે.

હવે દેવકીને આઠમું સંતાન જન્મશે તો તે નક્કી મારું કાસળ કાઢનાર હશે. તેવું વિચારીને કંસે જેલમાં પહેરેગીરોનો કાફલો ગોઠવી દીધો. દેવકીના શરીરની દિવ્ય ઓજસ્વિતા જોઈને કંસને ખ્યાલ આવી ગયો કે, શ્રીકૃષ્ણ દેવકીજીના ઉદરમાં પધારી ચૂક્યા છે. કંસે આયોજન કરી લીધું કે આઠમો ભાણેજ જે સમયે જન્મે તે વખતે જ તેનું કાસળ કાઢી નાખવું.

પવિત્ર શ્રાવણ વદી અષ્ટમીના દિવસની મધ્યરાત્રિએ મથુરાની જેલમાં દિવ્ય અજવાળાં પથરાયાં. માતા દેવકી અને પિતા વસુદેવ સમક્ષ ભગવાન શ્રીકૃષ્ણ પ્રથમ ચતુર્ભુજ રૂપે પ્રગટ થઈને બાળરૂપે અવતર્યા. પછી તો ભગવાનની પ્રેરણા અનુસાર વસુદેવજી એક ટોપલીમાં બાલકૃષ્ણને મૂકીને યમુના નદીને પેલે પાર ગોકુળમાં જવા માટે રવાના થયા. મુશળધાર વરસાદને લીધે યમુનાકાંઠે પૂર આવ્યા હતા, પરંતુ વસુદેવજીએ યમુનામાં પ્રથમ પગ મૂક્યો કે તત્કાલીન નદીએ માર્ગ આપ્યો. ભગવાન સંકર્ષણ પોતે અનંતદેવ શેષનાગ રૂપે તેમની ફેણ વડે વસુદેવની પાછળ રહીને છત્રી આકારે વસુદેવજીના મસ્તક ઉપર ઘટાટોપ થયા. વિના વિઘ્ને યમુના પાર કરીને વસુદેવજી ગોકુળમાં પહોંચ્યા. ત્યાં પણ રાત્રિમાં સર્વે સૂતા હતા તેથી નિર્વિઘ્નપણે નંદરાજાના મહેલ નંદાલયમાં પહોંચ્યા. મધ્યરાત્રિ દરમ્યાન નંદપત્ની યશોદાજીએ પુત્રીને જન્મ આપેલ હોવાથી પ્રસવપીડાથી યશોદા બેભાન સ્થિતિમાં હતા ત્યાં પોતાના પુત્રને યશોદાની પડખે મૂકીને તેમની પુત્રીને પોતાની સાથે લઈને ભગવત્ પ્રેરણા મુજબ એ કાર્ય કરીને વળતા અંધકારમય રાત્રિમાં જ વસુદેવજી મથુરાની જેલમાં પાછા આવી ગયા. આ રીતે વસુદેવ-દેવકી પૂર્વવત્ જેલના સળિયા પાછળ ગોઠવાઈ ગયા. અંધારી રાત્રિએ શું ઘટના બની તેની જાણ વસુદેવ, દેવકી અને શ્રીકૃષ્ણ વિના કોઈનેય નહોતી.

હવે સવાર થતાં જ મથુરાની જેલમાં બાળકીએ રડવાનું ચાલુ કર્યું. ગુપ્તચરોએ કંસને સત્વરે સમાચાર આપ્યા કે દેવકીને આઠમા સંતાન રૂપે બાળકીનો જન્મ થયો છે. આ સમાચારથી કંસ ખુલ્લી તલવારે દેવકી-વસુદેવ સમક્ષ હાજર થઈ બોલ્યો : "હે દેવકી ! ક્યાં છે મારો કાળ ? લાવ મારી પાસે." દેવકી-વસુદેવજીની આજીજી છતાંય બાળકીને દેવકીના ખોળામાંથી છીનવી લીધી. બાળકીના બે પગ પકડીને તેને નિર્દય રીતે ઊંધા માથે પથ્થર પર પટકી. પરંતુ આ શું ? અહો આશ્ચર્ય !! અચાનક બાળકી કંસના હાથમાંથી છટકી ગઈ અને આકાશમાં જઈને અષ્ટભુજાળી દુર્ગાનું રૂપ ધારણ કરીને કંસ સામે વળતું અટ્ટહાસ્ય કરવા લાગી. પછીથી તેણે કંસને ઉદ્દેશીને કહ્યું : "હે મહામૂર્ખ કંસ ! તું મને શું મારી શકવાનો હતો, તને મારનારો તારો કાળ તો ક્યારનોય આ પૃથ્વી પર અવતરી ચૂક્યો છે." હવે કંસને ખ્યાલ આવ્યો કે તે આયોજનમાં નિષ્ફળ ગયો છે.

આ બાજુ ગોકુળમાં શ્રાવણ વદ નોમના દિવસે સવારમાં જ વાયુવેગે સમાચાર ફેલાઈ ગયા કે, યશોદામૈયાને પુત્રની પ્રાપ્તિ થઈ છે. લોકસમુદાયના ટોળેટોળાં નંદાલયમાં નંદ-યશોદાને વધાઈ આપવા માટે આવવા લાગ્યા. ગોપ-ગોપીઓ-ગોવાળોનો સમુદાય નંદરાજાના આંગણે નંદોત્સવની ઉજવણીમાં પરોવાઈ ગયો. ગોવાળો અને ગોપીઓ આનંદમાં ગાવા લાગ્યા : **'નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી.'** આમ, બીજા દિવસે ગોકુળમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી થઈ.

ભગવાન શ્રીકૃષ્ણ **શ્રાવણ વદ આઠમ**ના દિવસે રાત્રિના **૧૨ કલાકે** મથુરાના **કારાગૃહ**માં જન્મ્યા. આખી દુનિયા એક કારાગૃહ જ છે, જેમાં માનવ કેદીની જેમ યંત્રણાભરી જિંદગી જીવી રહ્યો છે. તેમાંથી બચાવવા ભગવાન સ્વયં આ સંસારરૂપી કારાગૃહમાં પધારતા હોય છે. આ વિશિષ્ટ કારાગૃહના કામ, ક્રોધ, લોભ વગેરે અનેક દોષો બંધનો છે. પરંતુ જ્યારે બાલકૃષ્ણનો સ્પર્શ કર્યો ત્યાં તો તેમના બંધન છૂટી ગયાં ! અને યોગમાયાને હાથમાં લીધી તો તેમના બંધન પાછા આવી ગયાં ! આ પર્વનો મર્મ એ જ છે કે, જો આપણે ભગવાનને હાથે - સાથે રાખીએ તો માયાની બેડી છૂટી જાય.

મહાભારતના ભીષણ યુદ્ધમાં અર્જુને ભગવાન શ્રીકૃષ્ણને સાથે રાખ્યા, તેમનો આશરો કર્યો, તો તેમની રક્ષા થઈ. મહાભારત કહે છે : 'यतो कृष्णस्ततो धर्मः यतो धर्मस्ततो जयः ।' - જ્યાં ભગવાન શ્રીકૃષ્ણ છે, ત્યાં ધર્મ છે અને જ્યાં ધર્મ છે, ત્યાં જય છે. (મહાભારત, ભીષ્મપર્વ : ૬૧/૩૦)

શ્રીમદ્ ભગવદ્ ગીતા પણ કહે છે : 'यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः । तत्र श्रीर्विजयो भूति र्ध्रुवा नीतिर्मतिर्मम ।।' જ્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ છે અને જ્યાં ધનુર્ધારી અર્જુન છે ત્યાં લક્ષ્મી, વિજય, ઐશ્વર્ય અને અવિચળનીતિ છે, એવો મારો મત છે. (શ્રી ભગવદ્ ગીતા : ૧૮/૭૮)

**જહોન નોક્સ** જણાવે છે કે, 'One man with God is always In the

ભગવાન શ્રીકૃષ્ણ શ્રાવણ વદ આઠમના દિવસે રાત્રિના ૧૨ કલાકે મથુરાના કારાગૃહમાં જન્મ્યા. આખી દુનિયા એક કારાગૃહ જ છે, જેમાં માનવ કેદીની જેમ યંત્રણાભરી જિંદગી જીવી રહ્યો છે. તેમાંથી બચાવવા ભગવાન સ્વયં આ સંસારરૂપી કારાગૃહમાં પધારતા હોય છે. આ વિશિષ્ટ કારાગૃહના કામ, ક્રોધ, લોભ વગેરે અનેક દોષો બંધનો છે. પરંતુ જ્યારે બાલકૃષ્ણનો સ્પર્શ કર્યો ત્યાં તો તેમના બંધન છૂટી ગયાં ! અને યોગમાયાને હાથમાં લીધી તો તેમના બંધન પાછા આવી ગયાં ! આ પર્વનો મર્મ એ જ છે કે, જો આપણે ભગવાનને હાથે – સાથે રાખીએ તો માયાની બેડી છૂટી જાય.



majority.' - 'જ્યાં ભગવાન છે ત્યાં બહુમતી છે અને જ્યાં **ભગવત્પ્રધાન બહુમતી** છે ત્યાં **જીત** છે.'


ધર્મ અને ભગવાન શ્રીકૃષ્ણને એકબીજાને **અનન્ય સંબંધ** છે. જો દુર્યોધન પાસે ધર્મ નહોતો, તો શ્રીકૃષ્ણ ભગવાન પણ ન હતા. તેથી જ તેનો પરાજય થયો.

અર્જુને યુદ્ધ પૂર્વે પોતાની માન્યતા ભગવાન શ્રીકૃષ્ણ પાસે રજૂ કરી હતી કે, યુદ્ધ થશે તેમાં લાખો પુરુષો મરશે, પછી તેમની વિધવા સ્ત્રીઓ કુલટા બનશે ! ને તેની વર્ણસંકર પ્રજાના હાથે પિતૃઓ પિંડ ગ્રહણ નહિ કરે, તેથી પિતૃઓની અવગતિ થશે... આવી મનઘડત કલ્પનાઓને છોડી દેવા શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને ભારપૂર્વક આદેશ આપ્યો હતો.

પિતામહ ભીષ્મ જેવા મહાપુરુષ ! જેમણે અખંડ બ્રહ્મચર્યનું પાલન કર્યું. જેને લઈને 'ભીષ્મ' નામ ધારણ થયું. આવા ભીષ્મ પિતામહને કોણે મરાવ્યા ? સ્વયં દ્વારકાધીશે માથે ઊભા રહીને મરાવ્યા છે. ભગવાન શ્રીકૃષ્ણ પાર્થને કહે છે : "ઉઠાવ ગાંડીવ ! ભીષ્મ પિતામહના હાથમાં હથિયાર નથી, વીંધી નાખ પિતામહને...!!"

અર્જુન થોડા અટક્યા. ઝંખવાતા અર્જુન કહે : "કૃપાનાથ ! ભીષ્મ પિતામહ જેવા ધર્મવાન પુરુષ, હાથમાં હથિયાર નથી. ક્ષત્રિયોનો ધર્મ છે, નિઃશસ્ત્રી ઉપર પ્રહાર ન કરાય."

ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનના નિમિત્તે સંસારને **શરણાગતિના આદેશ**રૂપી અમોઘ **સુદર્શનચક્ર** આપતા હોય તેમ કહે છે : 'सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज । अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।।'- હે અર્જુન ! તું તારા મનના માનેલા સર્વ ધર્મ મૂકી એક મારા શરણે આવી જા. હું તને સર્વ પાપ થકી મુકાવીશ અને મોક્ષ પમાડીશ. તું શોક મા કર. (શ્રી ભગવદ્ ગીતા : ૧૮/૬૬)



હે અર્જુન ! હું કહું છું મારી નાખ ! એ લોકોને માર્યા વિના ધર્મનું સ્થાપન નહિ થાય. જ્યાં સુધી ધરા ઉપર અધર્મનું પોષણ કરનાર આવા ધર્મી પુરુષ પૃથ્વી ઉપર હશે ત્યાં સુધી પૃથ્વી ઉપર ધર્મનું સ્થાપન નહિ થાય. વીંધી નાખ પિતામહને... પછી તો અર્જુને ભીષ્મ પિતામહ, ગુરુ દ્રોણ, કર્ણ અને શૈલ્યને વીંધી નાખ્યા છે. **શરણાગતિથી મોટો કોઈ ધર્મ નથી.** એ જ સમજાવવાનું શ્રીકૃષ્ણનું **ધ્યેય** છે, પરંતુ 'ધર્મ છોડવો' તેનો અર્થ 'સદાચાર મૂકી અનાચાર આચરવો' એવો નથી. સદાચાર રૂપી ધર્મ તો મોક્ષનું સાધન છે. જો યાદવોએ ધર્મ ન રાખ્યો, તો યાદવાસ્થળી થઈ અને આખા કુળનો નાશ થઈ ગયો. ધર્મ નહોતો, તો પોતાનું જ કુળ; ભગવાને નાશનું નિમિત્ત બનાવી દૃષ્ટાંત બેસાડી દીધું. આથી આ **ગીતાસૂત્ર** હંમેશા યાદ રહે : 'धर्मसंस्थापनार्थाय, संभवामि युगे युगे ।।' - ભગવાન ધર્મના સ્થાપન માટે જ પૃથ્વી પર અવતાર ધારણ કરે છે. કેવળ ઔપચારિક રીતે ધર્મ પાળનારો એક વર્ગ જિંદગીમાં બે જિંદગી જીવે છે - એક ધર્મી અને બીજી અધર્મીની. તેમને એક હાથે દાન કરવાની, બીજા હાથે લોકોના ખિસ્સાં કાતરવાની અજબની આવડત હોય છે ! આપણો ધર્મ જ આપણને સમયે ઉપયોગમાં ન આવે અને 'અમે હિન્દુ !' એવું **ખોખલું ગૌરવ** લઈએ તો **સાચા ધાર્મિક** કહેવાવાનો આપણને કોઈ અધિકાર નથી...!! યુગોથી ભગવાને માનવજાતને ધર્મ આપ્યો છે પણ તેનું આચરણ ન હોય તો સુખ અસંભવિત છે. માનવજાતમાં **ધર્મનું તત્ત્વ** ખૂટે છે. **એરિસ્ટોટલ** કહે છે : 'માનવમાં ધર્મ ન હોય તો તે પશુથીયે નીચો છે, જો ધર્મ હોય તો જ પશુથી ઊંચો કહી શકાય !'

શ્રીકૃષ્ણ જન્માષ્ટમી એ ધર્મ દૃઢતાનું પર્વ છે. ધર્મવાનને તો સુખ-દુઃખ, જય-પરાજય, લાભ-અલાભ, માન-અપમાન બધાનો સામનો કરવાનો આવે છે. તેમાં સ્થિર મતિ રાખવી એ આજના ઉત્સવનો **હાર્દ** છે.

પાંડવોને અપાર દુઃખો આવ્યા પણ તેમની **સ્થિતપ્રજ્ઞતા**માં ફેરફાર ન થયો. ભગવાન શ્રીકૃષ્ણને મૂકી બીજી પ્રતીતિઓમાં ન પડ્યા. જેઓ આવાં દ્વન્દ્વોમાં સ્થિરમતિ રાખી દૃઢતાથી જીવન જીવે છે, 'જેવી ભગવાન મરજી' એમ ભગવાનને સર્વકર્તા સમજે છે, એ દ્વન્દ્વાતીત થાય છે.

ભગવાન શ્રીકૃષ્ણના એક હાથમાં અધર્મના ઉચ્છેદ માટે **સુદર્શન ચક્ર** હતું, તો બીજા હાથમાં પ્રેમભક્તિની **વાંસળી** પણ હતી. વૃંદાવનની ગોપીઓ શ્રીકૃષ્ણની વાંસળી સાંભળી, દેહભાન ભૂલીને યમુનાના મંજુકુંજમાં દોડી જતી અને શ્રીકૃષ્ણ-લીલામાં તન્મય બની જતી. ભગવાનની વાંસળીના સૂર યુગોયુગથી સંતોના શ્રીમુખેથી વહેતા જ રહ્યા છે. પરંતુ ગોપીઓ જેવી તડપનના અભાવે આપણા દેહભાવનું આવરણ છૂટ્યું નથી. ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે ગોપીઓના સુખ માટે **મહારાસ**ની રચના કરી હતી. રસરૂપ ભગવાનમાં પ્રેમભક્તિથી જોડાઈ જવું તેનું જ નામ **રાસ.** ભગવાન તો રસરૂપ છે. દેહભાવ છૂટે ને ભગવાનના સુખે સુખી થવાય તો મહારાસનો આનંદ આવે. ક્યાં આજના ડિસ્કો-રાસના દેહભાવનો કીચડ ને ક્યાં ગોપીઓની ધર્મ, મહિમા ને શુદ્ધ પ્રેમથી તરબોળ કૃષ્ણભક્તિ ! આ **જન્માષ્ટમી પર્વ** દેહભાન ભૂલી પરમાત્મામાં ગુલતાન થવાનો દિવસ છે.

હા, થોડી પણ અશુદ્ધિ પરમાત્માને પરવડતી નથી. આથી જ તો રાસ દરમ્યાન કોઈક ગોપીને અહંકાર આવ્યો કે, 'ભગવાન જેવા ભગવાન મને વશ વર્તે છે !' એ જ ઘડીએ ભગવાન અંતર્ધાન થયા અને ગોપીઓને પોતાની ભૂલ સમજાઈ. ગોપીઓ માફીના સ્વરમાં પરમાત્મા શ્રીકૃષ્ણના વિરહથી દુઃખી થઈ. રડતે હૃદયે ભગવાનને શોધે છે, પ્રેમની ધારા અભિમાનથી તૂટે છે, ગોપીઓ ઝાડ, પહાડ, લતા આદિકને પૂછે છે, પણ પ્રભુ ક્યાંય મળ્યા નહિ ત્યારે હૃદયથી ગદ્‌ગદ્ સ્વરે **ગોપીગીત** ગાયું : 'जयति तेऽधिकं जन्मना व्रजः श्रयत इन्दिरा शश्वदत्र हि । दयित दृश्यतां दिक्षु तावकास्त्वयि धृतासवस्त्वां विचिन्वते ।।' - હે પ્રભુ ! અમે તમારા વિયોગમાં દુઃખી છીએ, અમને સુખી કરવા માટે બીજું કાંઈ આપવાનું નથી, માત્ર દર્શન આપવાના છે. તો દર્શન તો આપો. થોડાક ઉદાર બનો કેશવ ! રડતા હૃદયે પ્રાર્થના કરવાથી અભિમાન આંસુ દ્વારા બહાર નીકળી ગયું.

(શ્રીમદ્ ભાગવત : ૧૦/૩૧/૧)

ગોપીગીતનો એક-એક શ્લોક ભક્તિથી તરબોળ છે. ભગવાન શ્રીકૃષ્ણને જ્યારે લાગ્યું કે, પ્રેમના પ્રવાહમાં ગોપીઓનો અહંકાર ધોવાઈ ગયો છે, ત્યારે તેમની સ્નેહ નીતરતી આરજૂથી પીગળી તેઓ ગોપીઓ વચ્ચે પ્રગટ થઈ ગયા !! અહંકાર ઓગળે તો અંતઃકરણમાં ભગવાનનું પ્રાગટ્ય થાય. એ આજના ઉત્સવનો **મર્મ** છે.

**શા માટે** આપણે કરી રહ્યા છીએ ભગવાનના **પ્રાગટ્યોત્સવની આરાધના ?** પરમાત્મા તત્ત્વ મહાન છે માટે ? કે એ આપણને મહાન બનાવી દે છે માટે ? ભગવાન ધરતી પર જન્મ્યા માટે કે આપણા હૃદયમાં ભગવાનનો જન્મ થાય એટલા માટે ? ભગવાન માયાતીત છે માટે કે આપણને માયાથી મુક્ત કરી દે છે માટે ? આના ઉત્તરમાં **બહુધા** એમ કહેશે કે :-

'ઘણાં બધા ભક્તજનો ભગવાનના પ્રાગટ્યનો ઉત્સવ ઉજવે છે માટે અમેય જોડાઈ ગયા છીએ. બાકી, એની પાછળ અમારું કોઈ **ચોક્કસ લક્ષ્ય** નક્કી નથી.'

એમ કહ્યે થોડું ચાલે ? ટ્રેનમાં બેસી જાઓ અને ક્યાં પહોંચવું છે લક્ષ્ય ન હોય એ જો ન જ ચાલે, દુકાન ખોલીને બેસી જાઓ અને વેપાર શા માટે કરવો છે એનું લક્ષ્ય ન હોય, એ જો ન જ ચાલે. તો જન્મદિવસનો ઉત્સવ ઉજવીએ અને એની પાછળ કોઈ લક્ષ્ય જ ન હોય એ તો કેમ જ ચાલે ?

ક્યું લક્ષ્ય રાખીએ ? 'ભગવાનનું પ્રાગટ્ય આપણા હૃદયમાં થઈ જાય' એ ભગવાનનું પ્રાગટ્ય આપણા હૃદયમાં કેવી રીતે કરાવી શકાય ?

આમ તો એ અંગેના અનેકાનેક વિકલ્પો છે, પરંતુ ગોસ્વામી **તુલસીદાસજી**ના મતે જોઈએ તો : **'હરિ વ્યાપક સર્વત્ર સમાના, પ્રેમ સે પ્રગટ હોહી મૈને જાના.'**

પરમાત્માના જન્મ માટેનું ગર્ભગૃહ તો પ્રેમાળ હૃદય જ બની શકે. એવું પ્રેમાળ હૃદયને કે જેના આનંદની કક્ષા હિમાલયના શિખર જેવી ધવલ હોય અને જેની વિરહની કક્ષા માનસરોવરથી વિખૂટા પડી ગયેલા હંસ જેવી હોય !

યાદ રાખજો. જેની સ્વભાવશૈલી, વિચારશૈલી અને જીવનશૈલી પ્રેમાળ હોય છે એ હૃદય જ પરમાત્મા પોતાના પ્રાગટ્ય માટે પસંદ કરે છે. પરંતુ જે હૃદય રાગદ્વેષના ગંદવાડથી ભરેલું હોય, જે હૃદયમાં કઠોરતાના કાંકરા ભરેલા હોય, શું એવા હૃદયમાં ભગવાનનું પ્રાગટ્ય થાય ?

ના, આવા ગલત હૃદયના સરનામે પરમાત્મા પધારી જાય એવી કોઈ જ શક્યતા નથી. માટે આપણે ભગવાનના પ્રાગટ્ય દિવસે ભગવાન શ્રીહરિના શ્રીચરણોમાં **પ્રાર્થના** કરીએ કે, 'હે મહારાજ ! આપ તો વર્ષો પૂર્વે પ્રાગટ્યને પામ્યા હતા, પરંતુ આપના પ્રાગટ્ય દિવસે આરાધનાથી અમારું હૃદય પ્રેમાળ બની આપના પ્રાગટ્યનું ગર્ભગૃહ બને !!'

ભગવાન શ્રી સ્વામિનારાયણે આ **કૃષ્ણ જન્માષ્ટમી** ઉત્સવ લોજ, માંગરોળ, કાલવાણી, સરધાર, ગઢડા, કરજીસણ વગેરે સ્થાનોમાં ઊજવી આ પર્વને ધર્મ-મર્યાદાથી પુષ્ટ બનાવ્યું હતું

ભગવાન **શ્રીહરિ** છપૈયામાં પિતા ધર્મદેવ તથા માતા ભક્તિદેવી થકી પ્રાગટ્યને પામીને ૧૧ વર્ષની નાની ઉંમરે ઘરનો ત્યાગ કરી તપઃપૂર્ણ જીવનચર્યાથી અનેક તીર્થોમાં ફરતા ફરતા ગુજરાત આવ્યા. ભારત દેશના ૧૬ રાજ્યોના ૨૫૦થી વધુ ગામો ને શહેરોને પાવન કરી મહાપ્રભુ શ્રી નીલકંઠ વર્ણીએ સોરઠના અતિ ભાગ્યશાળી ગામ **લોયેજ** (લોજ)માં પધારી સં. ૧૮૫૬, શ્રાવણ વદ - ૬ના રોજ **વનવિચરણ**ની **પૂર્ણાહુતિ** કરી.

લોજ ગામમાં સ.ગુ. શ્રી રામાનંદ સ્વામીના આશ્રમમાં નીલકંઠ વર્ણી પધાર્યા તેના બે દિવસ પછી જ જન્માષ્ટમીનો ઉત્સવ આવ્યો. વર્ણીએ બે સ્વરૂપે દર્શન આપી સૌને પોતાના ઐશ્વર્ય-પ્રતાપનું દર્શન કરાવ્યું હતું.

રાજાધિરાજ થયા પછી ભગવાન શ્રીહરિએ **માંગરોળ**માં સૌપ્રથમ **જન્માષ્ટમીનો ઉત્સવ** ધામધૂમથી ઉજવ્યો હતો. આ જન્માષ્ટમીના ઉત્સવમાં શ્રીજીમહારાજે અભૂતપૂર્વ પ્રતાપ દેખાડી સૌને સમાધિ કરાવી હતી. આ ઐશ્વર્યનું વર્ણન કરતા સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથમાં લખે છે : "હરિભક્તોના નામ અને ગામ મહારાજ પૂછતા. ઉત્સવના સમયે શ્રેષ્ઠ મહામંડપમાં નંગજડિત સિંહાસન પર શ્રીહરિ વિરાજમાન થયા ત્યારે તેઓની અલૌકિક મૂર્તિ જોઈ કેટલાય બાળ-યુવક-વૃદ્ધ નરનારીઓને સમાધિ થઈ ગઈ. એ સંખ્યા એટલી મોટી હતી કે સૌને એક ઠેકાણે ઉપરાઉપરી રાખી


મૂકતા. કોઈને એક દિવસ, કોઈને ત્રણ દિવસ, કોઈને પાંચ કે પંદર દિવસ કે માસ કે ત્રણ માસ કે તેથી વધારે સમય સુધી સમાધિ ચાલુ રહેતી. મહારાજનો આ પ્રતાપ જોઈ કેટલાય મુમુક્ષુઓ પાખંડી ગુરુને તજી શ્રીહરિના આશ્રિત થયા. પહોર દિવસ રહ્યો જાણી વાજિંત્રો સાથે સંતોએ કીર્તનગાન કર્યું. મલ્હાર રાગ ગાવાથી ઝીણી-ઝીણી બુંદે વરસાદ વરસવા લાગ્યો. મધ્ય રાત્રિ થવા આવી ત્યારે સુંદરજી સુથાર ભક્તે સુંદર હિંડોળો બનાવ્યો હતો. તે પર શ્રીહરિ સર્વ શણગાર ધારણ કરી વિરાજમાન થયા. શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મ થયો ત્યારે પારણામાં બાળમુકુંદ પધરાવ્યા. નોબત, ઢોલ ને બીજા વાજિંત્રો ભક્તોએ વગાડ્યાં, બંદૂકો ફોડી, દહીં-દૂધ ઉડાડ્યાં અને સારી રીતે ઉત્સવ કર્યો.'' (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૩/૨૩)

સં. ૧૮૬૧માં શ્રીજીમહારાજે **સરધાર**માં ચાતુર્માસ નિવાસ દરમ્યાન **જન્માષ્ટમી**એ બે સ્વરૂપે દર્શન દઈ મતપંથીઓ તેમજ વિવિધ દેવી-દેવતાઓને માનનારા સૌ લોકોને 'ભગવાન શ્રીહરિ તે જ રામકૃષ્ણાદિક સર્વે અવતારોના અવતારી એકજ છે' એવો નિશ્ચય કરાવ્યો હતો. આ જન્માષ્ટમી ઉત્સવનું વર્ણન સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામીએ 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં તથા પ.પૂ. ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજે 'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં કર્યું છે :

**'જન્માષ્ટમી આવતી જાણી, કહી ભક્તોયે વિનયની વાણી;**
**સંતમંડળ સર્વ તેડાવો, હરિભક્તોને પત્ર લખાવો.**
**ભલો આંહીજ સમૈયો ભરો, જન્મઅષ્ટમી ઉત્સવ કરો;**
**તેથી પૃથ્વી આ પાવન થાય, ગણતાં મોટું તીર્થ ગણાય.'**

(શ્રીહરિલીલામૃત : ૫/૨૪/૨૧)

શ્રીહરિ સરધારમાં ભક્તજનોને દિવ્ય આનંદ આપી રહ્યા છે. ત્યારે જન્માષ્ટમીનો ઉત્સવ નજીક આવતો હતો. પછી રાજા તોગાભાઈ આદિક ભક્તજનોએ શ્રીહરિને વિનંતી કરીને કહ્યું : હે મહારાજ ! સર્વ સંતો-ભક્તોને તેડાવો અને અહિંયા જન્માષ્ટમીનો મોટો **સમૈયો** કરો, તેથી આ પુરમાં રામાનંદ સ્વામી અને આપ પધારી અનેક લીલાઓ કરી છે તે સહુ જાણે અને આ ગામની પૃથ્વી પાવન થાય તેમજ ભવિષ્યમાં મોટું તીર્થ ગણાય.



**'શબ્દ સાંભળી શામને ભાવ્યા,**
**સતસંગી ને સંત તેડાવ્યા, શિળ**
**સાતમ દિન એહ ઠાર, લોક**
**આવ્યા હજારો હજાર.'**

(શ્રીહરિલીલામૃત : ૫/૨૪/૨૨)

પછી શ્રીહરિએ ભક્તોની વિનંતિ સાંભળી દેશો-દેશમાં સંતો-હરિભક્તોને **પત્ર** લખાવ્યા. શ્રીહરિ સરધારમાં જન્માષ્ટમીનો **ઉત્સવ** ઉજવે છે એવા **સમાચાર** આજુબાજુ ગામે-ગામ, શહેરે-શહેર પ્રસરી ગયા. કરિયાણાથી દેહાખાચર ને મીણબાઈ ત્યાં જન્માષ્ટમીના ઉત્સવનો લાભ લેવા આવ્યાં. બીજા પણ ઘણા ભક્તો ત્યાં આવ્યાં. સરધારમાં શીતળા સાતમને દિવસે દેશોદેશથી હજારો ભક્તોની ભીડ જામી. ગામમાં સરોવરને કાંઠે તંબુ તણાવ્યા હતા, ત્યાં અલગ-અલગ યોગ્ય જગ્યાએ સંતો-ભક્તોને ઉતારા આપવામાં આવ્યા.

આષાઢી સંવત ૧૮૬૧ના શ્રાવણ વદિ ૭ને દિવસે શ્રીહરિ સંઘ સાથે તળાવે પધાર્યા. શ્રીહરિ રોઝા ઘોડા ઉપર બિરાજ્યા. સેવકો ચામર ઢોળવા લાગ્યા. બંદીજનો છડી પોકારવા લાગ્યા. સંતો-હરિભક્તો કીર્તન ગાતા સરોવર પાસે આવ્યા. શ્રીહરિ ઘોડા ઉપરથી ઊતર્યા. વસ્ત્રો ઉતારી તળાવમાં **સ્નાન** કરવા પધાર્યા. સખાઓ પણ શ્રીહરિ સાથે સરોવરમાં ઊતર્યા. ગોપમંડળી કરી શ્રીહરિએ જળલીલા કરી. સંતોને-સખાઓને ખૂબ **આનંદ** કરાવ્યો. બહાર નીકળી શરીર લૂછતાં શ્રીહરિએ કહ્યું : ''રામાનંદ સ્વામીએ આ તળાવમાં ઘણીવાર **સ્નાન** કર્યું છે. વળી, અમે પણ ઘણી વાર નાહ્યા છીએ. મહાપવિત્ર તીર્થ સમાન આ સરોવરનું જે કોઈ જીવ-પ્રાણીમાત્ર **જળપાન** કરશે તે પણ પરમગતિને પામશે.''

**'એવી જ્યાં કરે છે હરિ વાત, થયું અચરજ એક અઘાત.**
**મત્સ્ય કચ્છ હતા માંહિ જેહ, તરી આવ્યા ઉપર સહુ તેહ.**
**હાલે ચાલે નહી સ્થિર થયા, સૌએ જાણ્યું એ તો મરી ગયા.'**

(શ્રીહરિલીલામૃત : ૫/૨૪/૩૨)

શ્રીહરિની આ વાતથી ત્યાં એક **આશ્ચર્ય** બન્યું. જળમાં રહેલાં માછલાં, કાચબા પાણીની સપાટી ઉપર આવી ગયાં. જાણે જડ બની ગયાં હોય તેમ તે સૌ પાણી ઉપર તરવા લાગ્યાં. આ જોઈ કોઈએ શ્રીહરિને પૂછ્યું : ''પ્રભુ ! આ માછલાં પાણી ઉપર મડદાંની જેમ તરે છે તે મરી ગયાં છે કે શું ?''

ત્યારે શ્રીહરિએ કહ્યું : ''એમને **સમાધિ** થઈ છે અને ભગવાનના દર્શનનું સુખ લે છે.''

શ્રીહરિ સૌને સમાધિ કરાવે છે પરંતુ માછલાં પણ આ રીતે જડવત્ બની પ્રભુના સુખનો આસ્વાદ માણી રહ્યા છે તે સૌને આશ્ચર્યમય લાગ્યું, મુક્તાનંદ સ્વામી આગળ આવ્યા અને શ્રીહરિને કહ્યું : ''મહારાજ ! આ માછલાં પાણી ઉપર તરે છે પણ સમળા કે સિચાણા તેમને મારી નાખશે માટે તેમને સમાધિમાંથી જલદી બહાર લાવો.''

શ્રીહરિ સ્વામીને કહે : ''અમને કેવા જાણો છો ?''

મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! આપ તો સર્વકારણના કારણ છો, સર્વના કર્તા થકા અકર્તા છો,

ભગવાન છો.'' શ્રીહરિ મુક્તાનંદ સ્વામીની વાત સાંભળીને હસ્યા. તેમણે કહ્યું : ''સ્વામી ! જીવપ્રાણી માત્રની દોરી મારા હાથમાં છે. જગતમાં જે કાંઈ થાય છે તે અમારી ઈચ્છાથી જ થાય છે. અમારી ઈચ્છાથી જ વાયુ વાય છે, અમારી ઈચ્છાથી વૃષ્ટિ થાય છે, સૃષ્ટિ થાય છે, સૂર્ય આકાશે ઉગે છે, ચંદ્ર આકાશે દેખાય છે, અને પાળ વિનાનો સમુદ્ર મર્યાદા મૂકતો નથી, શેષનારાયણ પૃથ્વીને પોતાના શીશ ઉપર ધરી રહ્યા છે એ બધું અમારી ઈચ્છાથી થાય છે. અમારી ઈચ્છા વિના જો સૂકું પાંદડું પણ હલી ન શકે તો આ માછલાંને કોણ મારનાર છે ? હું જેની રક્ષામાં છું તેનો ઘાત કોણ કરી શકે ?''

શ્રીહરિના દિવ્યભાવનું સતત જાણપણું ન રહ્યું તેથી મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિના ચરણકમળમાં તરત જ મસ્તક નમાવી દીધું. પછી કહ્યું : ''મહારાજ ! આપ સર્વકર્તા છો એ ભાવની દૃઢ નિષ્ઠા અમારા અંતરમાં અચળ રહે એવી કૃપા કરો. પ્રસંગે એ જાણપણું નથી રહેતું એ ખોટ છે.''

પછી શ્રીહરિએ માછલાં તરફ જોયું અને તરત જ તેમનામાં ગતિ આવી.ફરી પાછા સરોવરમાં ફરવા લાગ્યા. આ આશ્ચર્ય જોઈને સૌને શ્રીહરિનો **અલૌકિક પ્રતાપ** જણાયો. શ્રીહરિ સંઘ સાથે ઉતારે પધાર્યા. શ્રીહરિના સંબંધે સરધાર ગામમાં **નવો ઉત્સાહ** પ્રગટ્યો હતો. તેમને પરમાત્માના સ્વરૂપની ઝાંખી ન હતી. છતાં સંતો જેમના સંબંધે આવો નિષ્કામ ધર્મ પાળી શકતા હોય; માન, લોભ, સ્વાદ અને સ્નેહના ભાવથી પર બની ગયા હોય; જેમના સંબંધે મનુષ્યોનાં હૃદય નિર્મળ બની ભગવાનની ભક્તિ તરફ પ્રેરાતાં હોય; જગતની ગંધ અંતરમાંથી ઓગળી જતી હોય તે પુરુષને **પરમાત્મા** કહેવામાં તેમનું મન અચકાયું નહિ. શ્રીહરિના સ્વરૂપમાં આખું ગામ ખેંચાયું. ભક્તિના ભાવે રંગાયેલું ગામ આજે હિલોળે ચડ્યું હતું.

આ રીતે ગામના મુમુક્ષુજનો શ્રીહરિના ઐશ્વર્ય-પ્રતાપો જોઈને આશ્રિતો થવા લાગ્યા. શ્રીહરિ પ્રત્યેનું આ આકર્ષણ ગામના કેટલાક **મતપંથવાદી**ઓને ન રુચ્યું. તેમને લાગ્યું કે આ જીવનમુક્તાનો કોઈ પણ રીતે પરાભવ કરવો જોઈએ. તે રાત્રે સભામાં સૌ એકત્રિત થયા. તેમાં વામપંથી, વેદાંતી, શાક્તપંથી વગેરે હતા. દરેકને ઈચ્છા હતી કે પ્રશ્નો પૂછી શ્રીહરિને મૂંઝવવા. પરંતુ સભામાં બેઠા અને તેમનાં નેત્રની વૃત્તિ સ્થિર થઈ ગઈ ! અંતકરણ પણ નિર્મળ બની ગયા ! મુક્તાનંદ સ્વામીના મૃદુ કંઠે ગવાતાં કીર્તન ગાજ્યાં. સૌ તરબોળ બની ગયા !

પછી શ્રીહરિનો ઘેરો નાદ સંભળાયો. તેમાં ધર્મની વાત આવી. નિષ્કામ ધર્મનું અતિશય પ્રતિપાદન થયું. સદાચારની આવશ્યકતા જણાવી. શ્રીહરિના શબ્દોની, પ્રમાણોની ધારી અસર **વામમાર્ગીઓ** ઉપર થઈ. તેમના પ્રશ્નો જ ઓસરી ગયા. દિગ્મૂઢ બની તેઓ સાંભળી જ રહ્યા. શ્રીહરિએ જ્ઞાનની ચર્ચા કરી. આત્મા-પરમાત્માનાં સ્વરૂપોમાં ભેદ બતાવ્યો. ગુરુશિષ્યના સંબંધે અભેદભાવની કલ્પના **અવાસ્તવિક** બનાવી દીધી. જગતના મિથ્યાત્વને ભ્રમ મનાવી, તેનું નાશવંતપણું સમજાવી વૈરાગ્યની દૃઢતા કરાવી.

સ્વયં પરમાત્માના આ શબ્દો હતા. શ્રીહરિએ સૌનાં અંતર પકડી પોતાના વક્તવ્યને - પોતાના આ દિવ્ય શબ્દોને - સૌનાં અંતરમાં સ્થાપી દીધા. મતપંથીઓએ પોતાનો **ભ્રામક સ્વાંગ** ત્યજી દીધો, સત્સંગનો અંચળો પહેરી લીધો. સૌ આશ્ચર્યવત્ બની આ **પરિવર્તન** જોઈ રહ્યા.

બીજે દિવસે **જન્માષ્ટમીનો ઉત્સવ** હતો. આ ઉત્સવ માટે શ્રીહરિએ દેશોદેશમાં આમંત્રણો મોકલ્યાં હતાં. જુદા જુદા દેશોમાં ધર્મપ્રસારણ અર્થે વિચરણ કરતાં સંતોના મંડળોને પણ તેડાવ્યા હતાં. સૌ આવી ગયા હતા. શ્રીહરિનાં દર્શન કરવા તેમની અમૃતમય દૃષ્ટિ ઝીલવા, તેમની પરાવાણીના શબ્દોને અંતરમાં ઉતારવા અને એ રીતે જીવન જીવવાના સંકલ્પ કરતા **હજારો હરિભક્તો**ની મેદની ભરાઈ ગઈ. શ્રી હરિલીલામૃત ગ્રંથ અને સંતોના મંતવ્ય પ્રમાણે ત્રણ લાખથી વધારે ભક્તો આ જન્માષ્ટમીના ઉત્સવનો લાભ લેવા આવ્યા હતા. કારિયાણીથી ખટવાંગ રાજા અર્થાત્ માંચાખાચર પણ આવી ગયા હતા.

જન્માષ્ટમીના દિવસે સવારથી જ વાતાવરણ **ભક્તિમય** બની ગયું. શ્રીહરિના સંબંધે સર્વેનાં મન, ઈન્દ્રિયો તેમના સ્વરૂપમાં સ્થિત થઈ ગયાં હતાં. શ્રીહરિની મૂર્તિનું એવું **આકર્ષણ** હતું. **કૃષ્ણજન્મ એટલે** ઈન્દ્રિયોનું કર્ષણ કરી, જગતથી ઉન્મુખ થઈ ભગવાન સન્મુખ થવાની **યોગસાધના.** આઠમના મેળામાં રમાતાં જુગાર, ચોપાટ કે ગોપ-ગોપીના બીભત્સ રાસ - એ વિકૃત ભાવોનો કૃષ્ણજન્મ સાથે કોઈ સંબંધ ન હતો. શ્રીહરિએ આવા સમૈયા યોજી સમાજમાં પ્રવર્તાવવા આવા બીભત્સ ભાવોનું **રૂપાંતર** કરી દીધું. જીવ અને પરમાત્માના મિલનનો અહીં **આનંદ** હતો. એ આનંદનો અનુભવ ઈન્દ્રિયાતીત અવસ્થામાં જ થઈ શકે તેમ હતો.

સરધારમાં દેશો-દેશના ભક્તો લાભ લેવા માટે આવ્યા હતા. રાત્રે મંડપમાં સૌ બેસી ગયા. શ્રીહરિ પણ મંચ પર બિરાજ્યા જેથી સૌ હરિભક્તોને દર્શન સારી રીતે થાય. શ્રીકૃષ્ણ જન્મ થતાં સુધી **કથા-વાર્તા** કરી શ્રીહરિએ ભક્તજનોને **ઉપદેશ** આપ્યો. પછી મુક્તાનંદ સ્વામી આદિક સંતોએ ઝાંઝ-પખવાજ સાથે **કીર્તન-ભક્તિ**ની જમાવટ કરી, હરિભક્તો પણ એ ભક્તિરસમાં તરબોળ બની ગયા. ત્યાં મહારાજે મંચ ઉપરથી જ સૌ હરિભક્તો ઉપર ગુલાલ છાંટ્યો અને **રંગોત્સવ** શરૂ થયો. પછી તો ટોપલે ટોપલા ભરીને ગુલાલ આવવા લાગ્યો. મહારાજ

અનુસંધાન પેજ ૨૧ પર



# શ્રી ગણેશ ચતુર્થી

(ભાદરવા સુદ ચોથ)

ગણપતિ તો **મંગલ દેવતા** છે. જેને ઉમાપુત્ર, ગજાનન, વિનાયક, ગણેશ, એકદંત, વક્રદંત, લંબોદર વગેરે **અનેક નામો**થી ભક્તો પૂજે છે. તેઓ ભગવાન શંકરના ગણોના મુખ્ય **અધિપતિ** છે, તેથી તેમને ગણપતિ કે ગણેશ કહેવામાં આવે છે. પંચદેવની ઉપાસનામાં જેમનું **આગવું સ્થાન** છે એવા ગણેશજી વિઘ્નરૂપી અંધકારને દૂર કરે છે. જેને પાર્વતી અને ગંગાજી બે માતાઓ છે, જે ચાર ભુજાવાળા છે, જેને સૂંઢ સાથે પાંચ હાથ છે, સપ્તપર્ણના વૃક્ષની સુગંધી જેના મદમાં રહેલી છે. જેમનું શરીર માનવનું છે અને જેમનું મુખ હાથીનું છે, એવા અલૌકિક મોટા પેટવાળા દેવ છે. વિશ્વના કોઈપણ ખૂણે વસતો ભારતીય કોઈપણ મંગળ કાર્યના પ્રારંભે સંભારતો હોય, એવા એકમાત્ર **સર્વમંગલ કરનાર** દેવતા છે - **શ્રી ગણેશજી.**

રિદ્ધિ-સિદ્ધિ બે શક્તિ તેમની પત્નીઓ છે અને શુભ-લાભ તેમના પુત્રો છે. તેમનું મુખ હાથીનું છે તે મંગલરૂપ ગણાય છે અને મોટું પેટ તે આનંદસૂચક છે. ગણપતિના બાહ્યસ્વરૂપનું વર્ણન કરીએ તો તેમની ઝીણી આંખ સૂક્ષ્મતા ગ્રહણ કરવાની શક્તિ ધરાવે છે. તેમના મોટા કાન જે કોઈ બોલે તે ગણકારવું નહીં અને સારું કાર્ય કરવું, મોટું પેટ કોઈની વાત બીજાને કહેવી નહીં, જેને **સ્થિતપ્રજ્ઞતા** કહી શકાય અને દુઃખદર્દની વાતો પચાવી જવાનું રહસ્ય બતાવે છે. સાથે વિશાળ મસ્તક બુદ્ધિનું દ્યોતક છે. નાના પગ કોઈપણ કાર્યમાં ઉતાવળ ન કરતા, તે કાર્ય ધીમે ધીમે પણ સચોટ રીતે કરવાનનું સૂચવે છે. અને મોટી સૂંઢ તેમનું તત્ત્વવેત્તા તરીકેનું દૂરદર્શીપણું સૂચવે છે. જેમના દાંત પણ સુંદરતાનું પ્રતીક છે. નાનકડું અને ચંચળ વાહન ઉંદર એ ઈન્દ્રિયોના પ્રતીકરૂપે સમજીએ તો ગણપતિ સંયમના દેવતા થઈ તેની ઉપર અંકુશ રાખનાર બની રહે છે. ગણપતિજીને ચાર હાથ છે, જેમાં અંકુશ, પાશ, મોદક અને આશીર્વાદ છે. અંકુશ મન ઉપર સંયમ રાખવાનું, પાશ ઈન્દ્રિયો-અંતઃકરણને શિક્ષા કરવાનું, મોદક આનંદ કરાવવાનું અને આશીર્વાદ સર્વનું ક્ષેમ થવાનું સૂચવે છે. આમ, સમાજ માટે ગણપતિ તત્ત્વના, બુદ્ધિના, રિદ્ધિના અને સિદ્ધિના દેવતા તરીકે દરેકની આસ્થાના પ્રારંભમાં **પ્રથમ સ્થાન** ભોગવે છે.

એકવાર શિવ-પાર્વતી અંતઃપુરમાં હોવાથી ગણેશજીને દ્વારની ચોકી કરવા રાખ્યા હતા. એટલામાં ત્યાં પરશુરામજી આવ્યા. તેમને અંદર જતા ગણેશજીએ રોક્યા, બંનેનું યુદ્ધ થયું. આ યુદ્ધમાં પરશુરામની ફરસી વાગવાથી ગણેશજીનો એક દાંત તૂટી ગયો અને તે ફરીથી કદી ઊગ્યો જ નહિ. તેથી તેઓને **એકદંત** પણ કહેવાય છે. દ્રાવિડ દેશની માન્યતા પ્રમાણે જ્યારે ખેતર ખેડવા માટે હળનો વિકાસ થયો ન હતો, ત્યારે સૌપ્રથમ તો ગણેશજીએ જ પોતાના એક દાંતનો હળ તરીકે ઉપયોગ કર્યો હતો. બીજા પ્રસંગોમાં મહાદેવ શંકર, રાવણ અને ગજાસુર સાથે યુદ્ધ કરતાં ગણેશજીનો દાંત તૂટી ગયો છે એવો પણ ઉલ્લેખ મળે છે.

એક લૌકિક **પુરાણ કથા** પણ એવી છે કે, ભગવાન શંકરની ગેરહાજરીમાં પાર્વતીજીએ પોતાની શક્તિના પ્રભાવે શરીર પર કરેલ ચંદનના લેપના ઉબટનમાંથી એક પુત્ર ઉત્પન્ન કર્યો. તેનું નામ વિનાયક. વિનાયક અખંડ માતાની સેવામાં રહેતા. એક સમયે પાર્વતીજીએ સ્નાન પૂર્વે વિનાયકને ઘરમાં કોઈ પ્રવેશ ન પામે તે માટે દ્વાર પાસે ઊભા રહેવાનું કહ્યું. તે સમયે અચાનક પાર્વતીપતિ ભગવાન શંકર પધાર્યા. વિનાયક પિતાને ઓળખે નહિ અને પિતા વિનાયકને ઓળખે નહિ. વિનાયકે શંકરને ઘરમાં પ્રવેશ કરતા અટકાવ્યા. પિતા-પુત્ર વચ્ચે યુદ્ધ થયું અને યુદ્ધમાં શંકરે પુત્રનું માથું ધડથી જુદું કરી નાંખ્યું. સ્નાન કરીને બહાર આવતા પાર્વતીજીએ આ જોયું અને શોકમાં ગરકાવ થઈ ગયા. શિવજીએ સામેથી આવતા હાથીનું મસ્તક વિનાયકના ધડ પર બેસાડી વિનાયકને જીવિત કર્યા. ત્યારથી વિનાયક **ગજાનન** બન્યા. હાથીનું મસ્તક હોઈ પુત્રની મશ્કરી કે ઉપેક્ષા ન કરે તે હેતુથી માતા-પિતાએ વરદાન આપ્યું કે ગજાનનની પૂજા

કર્યા વિના કોઈપણ મંગળ કાર્ય સફળ નહિ થઈ શકે.

આર્યમંડળમાં સામેલ થનારા સૌથી છેલ્લા દેવતા **શ્રીગજાનન** જ છે. વિશ્વની જેટલી પણ સારી વસ્તુઓ, ગણ તથા પશુ-પક્ષી વગેરે વાહન અનેકાનેક દેવ-દેવીઓમાં વહેંચી દેવામાં આવ્યા હતા. જેમ કે લક્ષ્મીજીને ધન અને આસનમાં કમળ મળ્યું. ઈન્દ્રને સ્વર્ગાસન તથા વાહનમાં હાથી મળ્યાં, સરસ્વતીને વિદ્યા તથા વાહનમાં હંસ, વિષ્ણુ સૃષ્ટિના પાલનકર્તા બન્યા તથા વાહન ગરુડ બન્યું વગેરે. આમ, જ્યારે ગણેશજીને દેવપદ આપવાનું હતું ત્યારે ભગવાન શિવજીને મૂંઝવણ થઈ કે તેમને ક્યું વાહન અને ક્યો વિભાગ આપવો. ખેતીને સૌથી વધારે નુકસાન જો કોઈ કરતું હોય તો તે ઉંદર છે, તેથી ઉંદરને ભગવાન ગણેશજીનું વાહન બનાવી દેવામાં આવ્યો. (સંસ્કૃતમાં ઉંદરને મૂષક કહે છે, જે શબ્દનો બીજો અર્થ ચોર થાય છે.) અને ત્રણે લોકમાં જેટલા પણ અનિષ્ટ અથવા ઉપેક્ષિત જીવો છે, જેવા કે - રાક્ષસ, ભૂત-પ્રેત, અપંગ પ્રાણીઓ જેમ કે અંધ, લૂલાં, પંગુ, કાળાં, કૂબડાં, અસહાય, દરિદ્ર, ભિક્ષુક, શૂદ્ર વગેરે દરેક ગણના અધિપતિ તરીકે ગણેશજીની નિમણૂક કરવામાં આવી. આ પછી તેમને ગણપતિ, ગણેશ, ગણાધિપતિ તથા ગણદેવતા વગેરે નામથી પૂજવામાં આવે છે. જગતમાં દુ:ખી અને અસહાય નરનારીઓની સંખ્યા ઘણી વધારે હોવાથી ગણ શબ્દ, જે પ્રારંભમાં માત્ર વિઘ્નકારકોને માટે જ પ્રયોજવામાં આવતો હતો, તે કાળાંતરે સામાન્ય જનગણ માટે પણ ઉપયોગમાં લેવામાં આવ્યો અને એ રીતે અપંગ ગણોના દેવતા જનગણ દેવતા બની ગયા.




યુગ પ્રમાણે ગણપતિજીને દસ હાથ, છ હાથ, ચાર હાથ અને બે હાથ હોય છે, એવો પણ ઉલ્લેખ જોવા મળે છે. દસ ભુજ ગણેશનું વાહન સિંહ, ષડ્ ભુજ ગણેશનું વાહન મયૂર, ચાર ભુજ ગણેશનું વાહન અશ્વ કહેવાય છે. ગણેશજીએ સિંદુર નામે દૈત્યને હણેલો ત્યારથી **'સિંદુરવદન'** પણ કહેવાય છે.

યુગ પ્રમાણે ગણપતિજીને દસ હાથ, છ હાથ, ચાર હાથ અને બે હાથ હોય છે, એવો પણ ઉલ્લેખ જોવા મળે છે. દસ ભુજ ગણેશનું વાહન સિંહ, ષડ્ ભુજ ગણેશનું વાહન મયૂર, ચાર ભુજ ગણેશનું વાહન અશ્વ કહેવાય છે. ગણેશજીએ સિંદુર નામે દૈત્યને હણેલો ત્યારથી **'સિંદુરવદન'** પણ કહેવાય છે.

ગણેશજીનું મસ્તક હાથી હોવાથી તે ગજાનન, પેટ લાંબુ હોવાથી લંબોદર, કાન લાંબા હાથી જેવા હોવાથી ગજકર્ણ, રંગ લાલ હોવાથી કપિલ, બેડોળ શરીરને કારણે વિકટ તથા કપાળ ઉપર ચંદ્રમા ધારણ કરતા હોવાથી ભાલચંદ્ર કહેવાયા. પુરાણોમાં ગણેશજીના બાર નામ મળે છે. પરંતુ મુદ્‌ગલ પુરાણમાં બત્રીસ અને શારદાતિલકમાં એકાવન નામ જણાવ્યા છે. માતા પાર્વતી તેમને દ્વિદેહક - નર અને હાથી એવા બે શરીરવાળા કહેતા અને ભગવાન શિવ તેમને ગણાધ્યક્ષ કહેતા. બાળગણેશ, નૃત્તગણેશ, ઉચ્છિષ્ટ ગણેશ, વક્રતુંડ વગેરે નામ વિવિધ ક્રિયાકલાપ ઉપર આધારિત છે. છઠ્ઠી શતાબ્દીમાં રચાયેલા કહેવાતા અમરસિંહના અમરકોષમાં ગણેશજીના જે બાર નામ આપવામાં આવ્યા છે, તેમાં એક નામ બિલકુલ અજાણ્યું છે. તે નામ છે દ્વૈમાતર. એટલે કે જેને બે માતાઓ છે. ગણેશજીને બે માતાઓ હતી. એક તો માતા **પાર્વતી** કે જેમણે ગણેશજીને જન્મ આપ્યો અને બીજી માતા તે **માલિની** રાક્ષસી કે જેણે ગણેશજીનું પાલનપોષણ કર્યું હતું.

ભાદરવા સુદ ચોથના દિવસે પાર્વતી ગણેશજીનું પાર્થિવપણે પૂજન કરતા હતા. એવામાં ગણપતિ સચેતન થયા ને સિંધુ નામે દૈત્યને માર્યો, ત્યારથી આ ચોથનો મહિમા ચાલ્યો આવે છે.



સૌપ્રથમ ગણેશ ચતુર્થીનું વ્રત ચંદ્રએ કર્યું હતું. પુરાણની એક કથા અનુસાર ગણેશજી **ગણનાથ** તરીકે પ્રસિદ્ધ થયા અને બ્રહ્માને આશિષ આપી ચંદ્રલોક પાસે થઈ આગળ વધી રહ્યા હતા. ત્યારે ગણેશજીનું વિચિત્રરૂપ જોઈ રૂપ-ગર્વિષ્ટ ચંદ્રે મશ્કરી કરી. ત્યારે ગણેશજીએ ચંદ્રને શાપ આપ્યો : 'જા, તું તારા મદનું ફળ પામ. જે કોઈ પ્રમાદથી તારું દર્શન કરશે, તે મિથ્યા અભિશાપનો ભોગ બનશે...' પછી ચંદ્રએ ઘણી વિનંતી કરી કે મને આ શાપમાં મૂક્તિ કરો. ગણેશજીએ ગણેશ ચતુર્થીનું વ્રત કરાવી તેને શાપમુક્ત કર્યો. ગર્વનું ખરાબ પરિણામ જાણી નમ્રભાવે વર્તવાનો આ ઉત્સવનો મર્મ સ્કંદપુરાણમાં વર્ણવ્યો છે.

ભગવાન શ્રીકૃષ્ણ પણ સ્વયંતક મણિની ચોરીનો મિથ્યા અભિશાપ લાગવાથી ગણેશવ્રત કરી શાપ મુક્ત થયા હતા. એવી પણ એક પૌરાણિક આખ્યાયિકા છે. તે પ્રમાણે આ વ્રત દેશભરમાં ઉમંગપૂર્વક આજે પણ ઊજવાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં **આચાર્યશ્રીના ધર્મ**નિરૂપણના ૧૨૭માં શ્લોકમાં કહ્યું છે : 'ભાદ્રશુક્લચતુર્થ્યાં ચ કાર્યં વિઘ્નેશપૂજનમ્ ।' - '...ભાદરવા સુદિ ચતુર્થીને દિવસે **ગણપતિની પૂજા** કરવી.' આ ગણેશ ચોથને લોકમાં 'ઝઘડા ચોથ' કહે છે. લોક માન્યતા પ્રમાણે આ દિવસે ચંદ્ર સામે જુએ તો કલંક લાગે છે. આ દિવસનો એક **લીલાપ્રસંગ** ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવનચરિત્રમાં જોવા મળે છે.

એકવખત આ **ગણેશ ચોથ**ના દિવસે શ્રીજીમહારાજ **ગઢડા**માં બિરાજમાન હતા. આ દિવસે મહાપ્રભુ શ્રીહરિએ ચંદ્ર સામે જોયું ને ભટ્ટજીને પૂછ્યું : "ભટ્ટજી ! આજે ચંદ્ર સામે જુએ એને કલંક લાગે એ સાચું છે ?" ત્યારે ભટ્ટજીએ કહ્યું : "હા, મહારાજ ! આજના દિવસે જ ગુરુ(બૃહસ્પતિ)પત્ની તારા સ્વર્ગમાં મંદાકિની ગંગામાં સ્નાન કરતા હતા. ત્યારે ચંદ્ર તેમને ઉપાડી ગયો હતો. એટલે તારાએ ચંદ્રને શાપ આપ્યો કે, તને રાહુ ગળે. તું મેઘથી ઢંકાયેલો રહે. તારા દર્શન પાપ રૂપ થાય અને તું કલંકિત ક્ષય રોગી થા.

આ રીતે તારાના શાપથી ચંદ્ર યુગોયુગથી કલંકવાળો થાય છે. જો ચોથના દિવસે ચંદ્રદર્શન જાણીને કરે તો ચંદ્ર ભયંકર કલંક આપે. પરંતુ અજાણતા દર્શન કરે તો શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં વર્ણવેલ સ્યમંતક મણિની કથા વાંચે કે સાંભળે પછી પવિત્ર જળ પીવે તો કલંક દૂર થઈ જાય છે. લોકમાં કલંક દૂર કરવા કોઈકના ઘર ઉપર પથરા નાંખે એટલે ઘરધણી ગાળો દે તો જોનારનું કલંક તરત જ ટળી જાય."

પછી શ્રીજીમહારાજે પણ આજે રમૂજચરિત્ર કર્યું. પથરા મગાવીને સામે ફઈબાના ઘર ઉપર નાખ્યા. ત્યાં તો તરત ફઈબાએ ગાળો દેવાનું ચાલુ કર્યું : "કોના હાથે વાળા નીકળ્યા છે ? મારો રોયો મારો પીટ્યો, તારા છાજીયાં લઉં, તારું નખ્ખોદ જાય." આ સાંભળીને ભગવાન શ્રીહરિ બહુ હસ્યા અને બોલ્યા કે, આજે અમારું કલંક હવે દૂર થયું.

શ્રીજીમહારાજે સંતો-હરિભક્તોની વાત કરતા કહ્યું : "તમે બધાએ ચંદ્ર જોયો છે. માટે સૌ એક-એક પથ્થર ફઈબાના ઘર ઉપર નાંખો,." ભગવાન શ્રીહરિની આજ્ઞા થઈ એટલે જાણે સૌ રાહ જોઈને જ બેઠેલા હોય તેમ સંતો-પાર્ષદો, બાઈભાઈ હરિભક્તોએ ફઈબાના ઘર ઉપર પથ્થર નાંખવા માંડ્યા. પથ્થરો એટલા બધા નંખાયા કે ફઈબાનું ઘર તૂટી પડ્યું !

ફઈબા તો તરત જ ઘરમાંથી બહાર નીકળ્યા. શ્રીજીમહારાજે સંતો-હરિભક્તોને ઠપકો દેતાં કહ્યું : "અમે ઘર તોડી નાંખવાનું ક્યાં કહ્યું હતું ? હવે અહીં રહેવું જ નથી. " એમ રીસાઈને શ્રીજીમહારાજે હરજી ઠક્કરને ઘેર રાતવાસો કર્યો. સવારે દાદાખાચર મહાપ્રભુ શ્રીહરિને મનાવવા ગયા ત્યારે મહારાજ કહે : "ફઈબાએ ગાળો દીધી છે માટે ફઈબા બોલાવવા આવે તો આવીશું." એટલે ફઈબા મહારાજને તેડવા આવ્યા. શ્રીજીમહારાજ દાદાખાચરને કહે : "આજે જ સોમાબાઈ (ફઈબા)નું ઘર ચણાવી દે. આજને આજ પાયો ખોદાવો પછી જ અમે થાળ જમીશું."

દાદાખાચરે શ્રીજીમહારાજની આજ્ઞા માથે ચડાવી. સંતો-હરિભક્તો સૌ સાથે મળીને પાયો ખોદવા માંડ્યા. એ પાયામાંથી સોનાનો ચરુ નીકળ્યો. એટલે મહારાજ કહે : "આ ચરુ ફઈબાને આપો." ત્યારે ફઈબા કહે : "રૂપિયાને મારે શું કરવા છે ! દાદાને આપો." દાદાખાચરે પણ ફઈબાના રૂપિયા લેવાની ના પાડી. એટલે છેલ્લે ભગવાન શ્રીહરિની આજ્ઞાથી એ પૈસામાંથી લાગલગાટ બે મહિના સુધી સંતો-હરિભક્તોને જમાડ્યા ને ખૂબ આનંદ કર્યો.

ગણેશપૂજનમાં **દૂર્વા** ખાસ મહત્ત્વની છે. દૂ - એટલે **દૂર** અને **અવમ્** એટલે નજીક લાવે તે. દૂર રહેલા ગણેશને ભક્તો નજીક લાવે તે દૂર્વા છે. ચારે યુગમાં તેમના ચાર અવતારોનું ભવિષ્ય પુરાણમાં વર્ણન છે. સત્યુગમાં કશ્યપ અને અદિતિના ઘરે તેમનો જન્મ થયો અને તે અવતારમાં તેઓએ દેવાન્તક અને નરાન્તક રાક્ષસોને મારી નાખીને ધર્મપરિત્રાણ કર્યું. ત્રેતાયુગમાં ઉમાના પેટે ભાદરવા સુદ ચોથે ગણેશના નામે જન્મ લીધો. આ અવતારમાં તેઓએ સિંધુ દૈત્યનો નાશ કર્યો અને બ્રહ્મદેવની કન્યાઓ સિદ્ધિ અને બુદ્ધિ સાથે વિવાહ કર્યા. દ્વાપરયુગમાં ફરી પાર્વતીના પેટે જન્મ લીધો પણ જન્મથી કદરૂપા હોવાથી તેમને વનમાં મૂકી દીધા અને પરાશરમુનિએ તેમનો ઉછેર કર્યો. આ ગણેશે સિંદુરાસુરનો વધ કરી તેણે બંદી બનાવેલા અનેક રાજાઓને મુક્ત કર્યા. આ જ અવતારમાં ગણેશે વરેણ્ય નામના પોતાના ભક્તને ગણેશગીતાના રૂપમાં શાશ્વત તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપ્યો. કળિયુગમાં ધૂમકેતુ અથવા ધૂમ્રવર્ણ નામનો ગણપતિનો ચોથો અવતાર થવાનો છે અને તેઓ દુર્જનોનો નાશ કરવાના છે એવું ભવિષ્યપુરાણમાં વર્ણન છે.

ભાદરવા સુદ ચોથના દિવસે તેમની પૂજા-ઉપાસના ઘરે ઘરે જોવા મળે છે. ખાસ કરીને દક્ષિણ અને મહારાષ્ટ્રમાં તેમની ઉપાસના ખૂબ ધામધૂમથી થાય છે, તેને **ગણેશ ચતુર્થી** પણ કહે છે. આ દિવસે હવે તો દેશભરમાં ગણેશજીનું સ્થાપન કરીને દસ દિવસ તેમની પૂજા-અર્ચના કરવામાં આવે છે.

આ પર્વના બીજે દિવસે એટલે કે ભાદરવા સુદ પાંચમ જેને **'ઋષિપંચમી'** કહે છે. રજોદર્શન વખતે સ્ત્રીઓથી કંઈ આભડછેટના દોષ થયા હોય તો તે દોષથી મુક્તિ મેળવવા આ વ્રત કરાય છે. આ દિવસે સાત ઋષિ - મહર્ષિ કશ્યપ, અત્રિ, ભારદ્વાજ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ અને વશિષ્ઠ ઋષિઓને યાદ કરીને સાંબો તથા ફળનો જ આહાર કરવામાં આવે છે.

હરિભક્તો ઉપર છાંટે, હરિભક્તો મહારાજ ઉપર; રાત્રિનું અંધારું, નભમંડળ, બધું જ ગુલાલના રંગથી રંજીત થઈ ગયું.

પછી શ્રીહરિ મંચ ઉપરથી ઊતર્યા. સુંદર પારણાંમાં બાલકૃષ્ણને પધરાવ્યા અને શ્રીહરિએ જન્મોત્સવની **આરતી** ઉતારી. ત્યારે સૌએ **આશ્ચર્ય** જોયું. શ્રીકૃષ્ણરૂપે સહુએ શ્રીહરિને જોયા. થોડી વાર શ્રીકૃષ્ણ દેખાય, તો થોડી વાર શ્રીહરિ દેખાય.શ્રીહરિના મનુષ્યરૂપમાં **દિવ્યભાવ**નો **નિશ્ચય** સૌને થવા લાગ્યો. આરતીના ઘંટારવમાં **જય-જયકાર**નો નાદ ભળી ગયો. **'સ્વામિનારાયણ ભગવાનની જય'**થી મંડપ ગાજી ઊઠ્યો. પછી બાલકૃષ્ણ ભગવાનને પંચાજીરી તથા ખાંડ અને કેસર નાંખેલો દહીંનો થાળ ધરાવ્યો. તે પ્રસાદી સૌ સંતો-હરિભક્તોને વહેંચી દીધી. જન્માષ્ટમીનો ઉત્સવ આવા **દિવ્ય વાતાવરણ**માં ઊજવાઈ ગયો. પછી શ્રીહરિ અને સૌ સંતો-હરિભક્તો પોઢી ગયા. નવમીના દિવસે સવારે શ્રીજી મહારાજે સ્નાનવિધિ તથા પૂજાવિધિ કરી. તોંગાજીએ શ્રીહરિ માટે મુકુંદ બ્રહ્મચારી પાસે થાળ કરાવ્યો. સૌ સંતો-હરિભક્તોને પણ શ્રીહરિએ બહુ ભાવથી પીરસીને જમાડ્યા. ભગવાન શ્રીહરિ ઉત્સવો ઉજવતા તેમાં કેવળ ભેગા થવું, ખાવું-પીવું, મોજ-મજા કરવી ને છૂટા પડવું એ રીત નહોતી. ઉત્સવના પ્રસંગે ભક્તોમાં સદ્‌ગુણોનું સંગોપન થાય તેવી રીત શ્રીજીમહારાજ રાખતા. સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથમાં લખે છે : સં. ૧૮૭૯નો જન્માષ્ટમીનો ઉત્સવ કરવા શ્રીજીમહારાજે મુનિઓના મંડળોને **ગઢપુર** બોલાવ્યા. સંતો સભામાં બેસી કીર્તન ઉત્સવ કરતા. જે આવે તેને શ્રીહરિ પ્રેમથી બોલાવતા અને કહેતા કે તમે આવ્યા તે સારું થયું. અમે સંભારતા હતા. શ્રાવણ વદિ ચોથના દિવસથી રસોઈ ચાલતી થઈ... એમ કરતાં ચાર દિવસ ગયા ને જન્માષ્ટમી આવી. સૌ સંત-હરિભક્તોએ વ્રત કર્યું. તે દિવસે મોટો ઉત્સવ થયો. શ્રીહરિ સંત-હરિભક્તો સહિત વાજતે-ગાજતે, સોનેરી વસ્ત્રાભૂષણ પહેરી, પુષ્પના ગજરા ગુચ્છ-તોરા ધારણ કરી, અશ્વ ઉપર બેસી નાહવા ચાલ્યા. દર્શન કરવા હજારો પુરજનો ઊભા હતા. નારાયણ ધરામાં શ્રીહરિ બે ઘડી સુધી સંત-હરિભક્તો સાથે નાહ્યા. સંતો કીર્તન ગાતા હતા.

નાહી વસ્ત્ર પહેરી શ્રીહરિએ સંત-હરિભક્તોને કહ્યું કે ભગવાનના મંદિર માટે જેવો ઊપડે તેવો **એક-એક પત્થર** લો. અમો પણ લઈશું, એમ કહી એક પત્થર સોનેરી પાઘ ઉપર શ્રીહરિએ લીધો.

**'શામ મણિ સમ પથર જેહા, સોનેરી પાઘ ઉપરિ હરિ તેહા;**
**ધર કર હિ ચલત જો રહાયે, સંત હરિજન પથર લિયે તાયે.**
**કીર્તન ગાવત ચલે પુર માંહિ, એક એક પથર શિર પર રહાહિ;**
**શ્રીહરિકે જિહાં રહે નિવાસા, ચોક કે તિહાં રહે અવકાશા.'**

એક-એક પત્થર સંત-હરિભક્તોએ પણ લીધો. કીર્તન ગાતાં સૌ પુરમાં આવ્યા. શ્રીહરિના મુકામ આગળ ચોક હતો. ત્યાં પત્થરનો ઢગલો કર્યો. હજાર ગાડાં લાવે તોય એવડો ઢગલો ન થાય. શ્રીહરિ પછી ઉગમણા ભવનની ઓસરીમાં પલંગ ઉપર બેઠા. સંત-હરિભક્તોની ચોકમાં સભા થઈ... પછી સંધ્યા આરતી કરીને મુનિઓ શ્રીહરિની આગળ રાસમંડળની રીતે ગાવા લાગ્યા. વચમાં માંડવી પ્રગટાવી હતી. મધરાતે પારણું સુંદર કર્યું હતું તેમાં લાલજીને પધરાવ્યા. મુક્તમુનિ વગેરે જન્મસમયના પદ ગાવા લાગ્યા. ગોપાળાનંદ વર્ણીએ લાલજીનો **પૂજાવિધિ** કર્યો. આરતી વખતે વિવિધ વાજિંત્રો વાગ્યાં ને બંદૂકો ફૂટી. એમ ધામધૂમપૂર્વક ઉત્સવ થયો. (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૬/૫-૮)

આમ, શ્રીજીમહારાજ જન્માષ્ટમીના ઉત્સવમાં પણ સ્વયં વર્તીને સંતો-હરિભક્તોને સેવાનો મહિમા સમજાતાં તેનું આ પ્રસંગમાં દર્શન થાય છે. આ જન્મમાષ્ટમીના ઉત્સવોમાં સેવાની સાથે સાથે ક્યારેક રમૂજની પણ છોળ્યો ભગવાન શ્રીહરિ ઉછાળતા અને ઉત્સવને ચિરંજીવ કરી દેતા.

એકવાર **કરજીસણ**માં શ્રીજીમહારાજે **જન્માષ્ટમી** ઉજવી ત્યારે નારદીપુરથી બ્રાહ્મણો લાભ લેવા આવ્યા હતા. તેઓએ વિચાર એવો કર્યો હતો કે, 'ઉત્સવ પછી સંતો તો સૂઈ જશે ને સવારે ઊઠી પ્રાતઃવિધિથી પરવારી પારણાં કરશે. તે પહેલાં આપણે નારદીપુરથી બ્રાહ્મણોને બોલાવી વહેલી સવારે પંક્તિ કરી દઈએ ને બધું જ જમવાનું પતાવી દઈએ. પીરસવાનું તો આપણે જ છે ને !' આ પ્રમાણે વિચાર કરીને બે બ્રાહ્મણો ત્યાંથી તરત નારદીપુર જવા ઊપડ્યાં.

અંતર્યામી ભગવાન શ્રીહરિએ બ્રાહ્મણોનો સંકલ્પ જાણી લીધો. શ્રીજીમહારાજ હિંડોળાથી ઊતર્યા અને કીર્તન-ભક્તિ બંધ કરાવી. પછી સૌ સંતોને કહ્યું : ''સંતો ! વાસુદેવ હરે ને પત્તર ધરે.'' એકાએક મહારાજની આ આજ્ઞા સાંભળી સંતોને આશ્ચર્ય થયું. સંતોએ કહ્યું : ''મહારાજ ! હજુ અમે દાતણ પણ કર્યું નથી.''

શ્રીજીમહારાજે હસતાં હસતાં કહ્યું : ''આજે તો શીરાના જ દાતણ કરો. માટે જે દાતણ કરવા રહે તે વિમુખ !'' આ સાંભળી સંતો મહારાજની મરજી જાણી ગયા.

સંતોની પંક્તિ થઈ. ભક્તો પણ શ્રીજીમહારાજની આજ્ઞાથી બેસી ગયા. ગોવિંદભાઈએ ત્યાંના બ્રાહ્મણો પાસે સંતોને, હરિભક્તોને શીરો-ખીચડી પીરસાવ્યાં. ભગવાન શ્રીહરિ પંક્તિ પાસે જ ઊભા રહ્યા. સૌને ખૂબ શીરો જમાડ્યો. પછી કહ્યું : ''સંતો ! શીરો જમો, ખીચડીના જમનારા તો નારદીપુરથી સવારમાં આવનારા છે.'' એમ કહી જેટલો શીરો બનાવ્યો હતો તે બધો જ સંતો-હરિભક્તોને મહારાજે સારી રીતે પીરસીને જમાડી દીધો. પછી ગોવિંદભાઈને કહ્યું : ''સવારે નારદીપુરથી બ્રાહ્મણોના ટોળે ટાળાં આવશે,,, તેમને ખીચડી જમાડજો.'' એમ કહી ભગવાન શ્રીહરિ ઉતારે પધાર્યા.

સવારે નારદીપુરથી બ્રાહ્મણો આવવા લાગ્યા. તેમાંના મુખ્ય બ્રાહ્મણોએ રસોડામાં જઈને જોયું તો શીરો તો ખલાસ થઈ ગયો હતો, ફક્ત ખીચડી હતી ! ગોવિંદભાઈએ તેમને કહ્યું : ''ખીચડી પહોંચે તેમ ન હોય તો બીજી બનાવીએ.''

ત્યારે તેમણે કહ્યું : ''શીરો આટલો બધો કર્યો હતો તે ક્યાં ગયો ?'' ગોવિંદભાઈએ હસતાં હસતાં કહ્યું : ''એ તો તમે નારદીપુર ગયા પછી તરત જ શ્રીજીમહારાજે રાત્રે જ સંતો-હરિભક્તોની પંક્તિ કરાવી સૌને જમાડી દીધો !'' બ્રાહ્મણો વીલે મોંઢે ખીચડી જમ્યા. બ્રાહ્મણોને થયું કે ભગવાન સાથે કપટ કર્યું એટલે આ જ દશા થાય ને ! એટલામાં ભગવાન શ્રીહરિ ત્યાં પધાર્યા. મહારાજે બ્રાહ્મણોને જોઈને કહ્યું : ''કોઈના ઘરમાં રૂપિયા હોય તો લાવો.''

ત્યારે વડુના ગોહેલ **માનાજી**એ કહ્યું ''મહારાજ ! બળદ વેચ્યાના ૬૦ રૂપિયા મારી પાસે છે. આ લ્યો.'' શ્રીજીમહારાજે તે રૂપિયા લઈને બ્રાહ્મણોને દક્ષિણામાં આપી દીધા. દક્ષિણા મળી એટલે બ્રાહ્મણો રાજી થયા.



# જળઝીલણી એકાદશી

(ભાદરવા સુદ એકાદશી)

ભગવાન વિષ્ણુ દેવશયની એકાદશીએ પોઢવા પધારે છે, અને દેવપ્રબોધિની એકાદશીએ જાગે છે. ભાદરવા સુદ એકાદશીએ પાર્શ્વ-પડખું બદલે છે, પરિવર્તન કરે છે એટલે આ ભાદરવા સુદ એકાદશીને **'પાર્શ્વ પરિવર્તિની એકાદશી'** કહેવાય છે. ભગવાન જાણે આપણને કહે છે : ''એક જ પડખે જીવન ન જીવો, પરિવર્તન મહત્ત્વનું છે !'' માણસને પોતાની સહજ પ્રકૃતિથી બદલાવું ગમતું નથી. પરંતુ વ્યક્તિ નિષ્ઠા કે ધર્મનિયમમાં અચલ રહે તે જ આવશ્યક છે, પણ પ્રકૃતિમાં તો **પરિવર્તન** અત્યંત જરૂરી છે. **વિનોબા ભાવે** કહે છે, દરેક વસ્તુને એના **અસલ સ્વરૂપ**માં રાખો. મહોરા બદલીને અસલનો નાશ થાય છે. એ ન ભૂલો કે જ્યાં જ્યાં પરિવર્તનના નામે સુધારા થાય છે ત્યાં બધે જ તે મૂળભૂત વસ્તુ એના ધ્રુવ સ્થાનેથી ખસે છે અને અંતે ખતમ થઈ જાય છે. નારીના જીવનમાં પરિવર્તન કરીને તેને કેવી ઊભી બજારે રખડતી કરી દઈને સાવ ગુલામ બનાવી દીધી. ખેતીમાં પરિવર્તન કરીને ખેતીને મોંઘીદાટ બનાવી દીધી છે. નવરાત્રિનાં ગરબાને પરિવર્તન કરતાં તેનું મૂળભૂત ભક્તિ સ્વરૂપ ખતમ કરાયું છે.

આપણે એક વાત વારંવાર સાંભળીએ છીએ કે પરિવર્તન સંસારનો નિયમ છે. અંગ્રેજીમાં એક **કહેવત** છે 'Everything is Permanent Except Change' - પરિવર્તન સિવાય બધું જ કાયમી છે. પરિવર્તન કાયમી હોય જ ન શકે. પ્રકૃતિનો સ્વભાવ પણ પરિવર્તનશીલ છે.

માણસમાં દરરોજ કેટલું પરિવર્તન થાય છે ? બીજું કંઈ ન થાય તો પણ દરરોજ માણસ એક દિવસ મોટો તો થાય જ છે. બાળક અને બુઢાપા વચ્ચેની જિંદગી ક્યારેય સીધી લીટીમાં ચાલતી નથી. હાથની રેખાઓમાં માઈલસ્ટોન નથી હતો. ક્યાં વળાંક છે, ક્યાં ચઢાવ છે, ક્યાં ઉતાર છે, ક્યાં સ્પીડબ્રેકર છે, તેના બોર્ડ નથી હોતાં. પરિવર્તન હંમેશાં અણધાર્યાં હોય છે. પરિવર્તનની એ જ તો મજા છે. પરિવર્તનો જ માણસના વર્તનને ઘડે છે. પરિવર્તનનો પવન ક્યારે કઈ દિશામાં પલટાશે તે કહેવું મુશ્કેલ છે. પરિવર્તનથી એ જ માણસ ડરે છે જે પરિવર્તનો માટે તૈયાર હોતો નથી.

એક માણસને નદી પાર કરવાની હતી. એક હોડીવાળાને તેણે બોલાવ્યો. જે દિશામાં જવાનું હતું એ દિશા તરફ પવન વાતો હતો. હોડી સડસડાટ કિનારા તરફ દોડવા લાગી. હોડીમાં સફર કરનાર વ્યક્તિને થોડા સમયમાં એ જ માર્ગે પાછું ફરવાનું હતું. તેને વિચાર આવ્યો કે અત્યારે તો પવન અનુકૂળ છે પણ પાછા ફરતી વખતે તો પવન ઊંધો હશે, ત્યારે શું કરીશું ?

મુસાફરે નાવિકને પૂછ્યું કે, વળતી વખતે તું શું કરીશ ? પવન તો સામો હશે ! નાવિકે હસીને કહ્યું કે, ચિંતાનું કોઈ કારણ નથી. મેં સરસ મજાનો સઢ બનાવ્યો છે. હું પવન બદલી શકવાનો નથી, હોડીનો સઢ ફેરવી નાંખીશ. તમે જોજો

આવી જ રીતે સડસડાટ આપણે પાછા આવી જઈશું. સવાલ એ છે કે પરિવર્તન માટે સઢ બદલવાની આપણી તૈયારી છે ? પરિવર્તનથી માણસ પરખાઈ જાય છે. સારા પરિવર્તન વખતે જે સમજણથી વર્તે છે, એ નરસા પરિવર્તન વખતે ટકી જાય છે. પરિવર્તનથી વર્તન બદલાવું જોઈએ. પરિવર્તનથી વર્તન સુધરવું જોઈએ. દરેક પરિવર્તન માણસને વધુ કુશળ બનાવે છે. દરેક પરિવર્તન સાથે નવા અનુભવો મળે છે. પરિવર્તનો કરવટ લેતા રહે છે. સમયની સાથે નવા નવા પરિવર્તન થાય છે.



સ્વભાવ ટાળવા અઘરા છે, પરંતુ ટાળવા, બદલવા જરૂરી છે તો છે જ, કારણ કે પ્રકૃતિ બદલવાથી ઘણા લાભ થાય છે. ઘણા જે જીવન મળ્યું છે તેમાં જીવવાનું પસંદ કરે છે. બદલવા માંગતા નથી. 'Eat, Drink and be merry' - ખાઈ, પી ને મોજમજા કરવી એમાં જ જીવનની ઈતિશ્રી માને છે. 'ખાધું, પીધું ને મરી ગયા' આજ કેટલાકના જીવનની **લઘુકથા** બની રહે છે. થાણાગાલોળના **માવા ભગત** કહેતા કે, 'દુનિયા આખી ધૂળમાંથી ધાન અને ધાનમાંથી ધૂળ કરે છે. ઢેફું ભાંગીને ધૂળ કરે છે.' આવું સામાન્ય જીવન, પ્રાકૃતિક જીવન જીવવાનો કોઈ અર્થ નથી. આ તો પશુઓ જેમ પ્રાકૃતિક જીવન જીવે છે તેવું જ થયું. મનુષ્યને ભગવાને વધારે બુદ્ધિ આપી છે તો તેનું ફળ વિષયમાંથી વિરક્તિ અને ભગવાનમાં પ્રીતિ છે.

શ્રી સત્સંગિજીવન' ગ્રંથમાં સ.ગુ. શ્રી **શતાનંદ સ્વામી** લખે છે : 'बहुजनुर्भ्रमणोत्तरलम्भितां नरतनुं समवाप्य सुरेप्सिताम् । मतिमतामिदमेव मतेः फलं विषयतो विरतिश्च हरौ रतिः ।।' - ચોરાશી લાખ યોનિઓમાં ભ્રમણ કર્યા પછી પ્રાપ્ત થયેલો દેવોએ પણ ઈચ્છેલો મનુષ્યદેહ પામીને બુદ્ધિશાળી પુરુષોનું બુદ્ધિમાનપણાનું જે વિષયોથી નિવૃત્તિ અને પરમાત્મામાં પ્રીતિ થાય એ જ ફળ છે.

(શ્રી સત્સંગિજીવન : ૪/૫૬/૪૧-૪૨)

કહેવાનું **તાત્પર્ય** એ જ છે કે, આપણે આ લોકમાં ખાઈ-પીને જીવન પૂરું કરવા આવ્યા નથી, પણ આપણે પ્રકૃતિ બદલીને, પરબ્રહ્મને પામવા - જીવનને ઉત્સવ બનાવવા આવ્યા છીએ !

સ્કંદપુરાણમાં ભગવાન શ્રીકૃષ્ણ અને યુધિષ્ઠિરના સંવાદે કરીને આજના દિવસના **પ્રસંગ**ની **કથા** સમજાવવામાં આવી છે. ભગવાન શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર પ્રત્યે કહે છે : પૂર્વે ત્રેતાયુગમાં બલિ નામનો દૈત્ય હતો. તે મારો પરમ ભક્ત હોવાને કારણે નિત્ય મારી તેમજ બ્રાહ્મણોની પૂજા કરતો અને યજ્ઞો કરવામાં નિરંતર તત્પર રહેતો હતો. બલિ આવો મહાત્મા હતો છતાં ઈન્દ્રની સાથે દ્વેષ કરી મેં આપેલું સ્વર્ગ જીતી લીધું. અને આલોક પણ જીતી લીધો, તેથી સઘળા દેવો એકઠા થઈ ઋષિઓની સાથે મારી પાસે આવ્યા અને મારી પૂજા કરી. તેથી મેં પાંચમો વામન અવતાર ધર્યો, પછી મેં ઉગ્રરૂપ ધારણ કરી બલિરાજાને લીધો. બલિ પાસે ત્રણ પગલા પૃથ્વી માગી. તેમાં તેણે સર્વસ્વ આપી દીધું, તેથી હું પ્રસન્ન થઈ નિરંતર તેમની રક્ષામાં રહીશ એવો વર આપ્યો.

ભગવાનનું એક સ્વરૂપ બલિની પાસે રહે છે. અને બીજું સ્વરૂપ સમુદ્રમાં ઉત્તમ એવા ક્ષીરસાગરને વિષે શેષનાગની શય્યા ઉપર સૂવે છે. ભાદરવા માસની શુકલ પક્ષની પરિવર્તિની એકાદશીને દિવસે ભગવાન પોતાનું પડખું ફેરવે છે. માટે તે દિવસે તેમનું પૂજન કરવું.

આ દિવસે ઠાકોરજીને સ્નાન કરાવી નવા વસ્ત્રો ધારણ કરાવીને નાવમાં બેસારવા અને તે નાવમાં સંતો-મહંતો, પૂજારી વગેરેને બેસારવા. બીજી નાવમાં સ્તુતિ ગાનારા, સંગીત વગાડનારા વગેરેને બેસારવા. ત્રીજી નાવમાં નૃત્ય-ગાન કરનારાઓને બેસારવા. સરોવરમાં ત્રણ અથવા પાંચ વખત

**આ** દિવસે ઠાકોરજીને સ્નાન કરાવી નવા વસ્ત્રો ધારણ કરાવીનો નાવમાં બેસારવા અને તે નાવમાં સંતો – મહંતો, પૂજારી વગેરેને બેસારવા. બીજી નાવમાં સ્તુતિ ગાનારા, સંગીત વગાડનારા વગેરેને બેસારવા. ત્રીજી નાવમાં નૃત્ય–ગાન કરનારાઓને બેસારવા. સરોવર માં ત્રણ અથવા પાંચ વખત ઠાકોરજીને વિહાર કરાવવો તેમ પંચરાત્ર ની **'નારાયણ સંહિતા'** ના એકવીસ માં અધ્યાયમાં કહેવા માં આવ્યું છે.

ઠાકોરજીને વિહાર કરાવવો તેમ પંચરાત્રની **'નારાયણ સંહિતા'**ના એકવીસમાં અધ્યાયમાં કહેવામાં આવ્યું છે. પંચરાત્રની **'અનંતસંહિતા'**ના દશમા અધ્યાયમાં લખ્યું છે કે, ભગવાનને ૧૦૦૧ કળશથી નવા જળનો **અભિષેક** કરાવવો. શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન ગ્રંથરાજ 'શ્રી સત્સંગિજીવન' ગ્રંથમાં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી લખે છે :

'दिनेऽस्मिन् धारयेत् कृष्णं गोपवेषं ततो नयेत् । गीतवादित्रनिर्घोषैर्यानमारोप्य तं नदीम् ॥ तत्र सम्पूज्य नौकायां तं निधायाम्बुखेलनम् । कृत्वा मुहूर्तं स्वस्थानमानयेन्नन्दनन्दनम् ॥' (શ્રી સત્સંગિજીવન: ૪/૫૬/૪૧-૪૨)

આ દિવસે શ્રીકૃષ્ણને ગોપવેષ ધારણ કરાવી પછી શ્રીકૃષ્ણને શિબિકામાં બેસાડીને ગીત-વાજિંત્રોના ધ્વનિઓ સાથે નદીમાં અને નદી ન હોય તો તળાવમાં લઈ જાય. નદીમાં રહેલી નૌકામાં શ્રીકૃષ્ણને બેસાડી તેમનું પૂજન કરી બે ઘડીવાર **જળક્રીડા** કરાવી.

આજના દિવસે ભગવાન શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે યમુનામાં **દાણલીલા**ની અલૌકિક લીલા કરી હતી. નૌકાવિહાર કરતા થકા ભગવાને દાણ રૂપે ગોપીઓ પાસે દહીં માગ્યું હતું. ત્યારથી આ દિવસે દહીંના દાનનો વિશેષ મહિમા છે. ભગવાને ચોમાસાના શુદ્ધ જળને ઝીલ્યું તેથી તે **'જળઝીલણી'** પણ કહેવાય છે.

આ દિવસે ભગવાન શ્રીહરિની ચલ પ્રતિમાને નદી-તળાવના કિનારે ધામધૂમપૂર્વક વાજતે-ગાજતે પાલખીમાં પધરાવીને લઈ જવામાં આવે છે. પૂજન-અર્ચન બાદ ઠાકોરજીને નૌકામાં પધરાવી **જળક્રીડા ઉત્સવ** કરવામાં આવે છે. પાંચ વખત જળવિહાર પૂર્વક સંતો-ભક્તો **પાંચ આરતી** ઉતારે છે. કાકડીનો પ્રસાદ જળમાં નાખે છે. સાથે સાથે નવું પાણી વરસાવી ભગવાને નદી-નાળાં છલકાવી દીધાં, તેથી તેઓનો આભાર માને છે. ભવસાગર પાર ઉતરવા મુમુક્ષુઓએ ભગવાનના ચરણે અને ભગવાનની આજ્ઞાપાલનમાં દૃઢ વર્તતા એવા સાચા સત્પુરુષોના ચરણોમાં ગોપીઓની જેમ મન અર્પણ કરવું જોઈએ, તેવો સંદેશ આ 'જળઝીલણી' કે 'પરિવર્તિની' એકાદશીના પર્વ દ્વારા મળે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ આ પર્વને ગઢડા, વડતાલ, જૂનાગઢ, સરધાર વગેરે અનેક સ્થાનોમાં સંતો-ભક્તો સાથે ઊજવીને સહુને સુખ આપ્યું હતું. સ.ગુ. શ્રી **પ્રેમાનંદ સ્વામી** ગાય છે :

**'શ્યામ ઝિલાવા ઘનશ્યામ ઝિલાવા, ચાલોને સૈયરો જાઈયે રે; ઘન૦ શ્યામ સુંદર વર ઝિલે જમુનામેં, હરખે ભર્યાં ભેળાં નાહિયે રે. ઘન૦ પ્રેમાનંદનો વાલા લૂંટાવે ચીભડાં, લૂંટી લૂંટીને ખાઈયે રે. ઘન૦'**

ભગવાન શ્રીહરિએ પોતાની માનુષિક લીલા દરમ્યાન જળક્રીડાના સુખ અનેકવાર ભક્તોને આપ્યાં હતા. તેથી જ સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામીએ શ્રીજીમહારાજની સ્વાભાવિક ચેષ્ટામાં જળક્રીડાને પણ સ્થાન આપી દીધું છે. તેઓ લખે છે :

**'વર્ષાઋતુને રે, શરદઋતુને જાણી;**
**ઘેલા નદીનાં રે, નિર્મળ નીર વખાણી;**
**સંતહરિજનને રે, સાથે લઈને શ્યામ;**
**ન્હાવા પધારે રે, ઘેલે પૂરણકામ;**
**બહુ જળક્રીડા રે, કરતા જળમાં ન્હાય...'**

અનેક સ્થાનોમાં જળઝીલણી જેવા ઉત્સવો ઊજવીને શ્રીજીમહારાજ સૌ સાથે સ્નાનક્રીડા માટે પધારતા. ક્યારેક તો ભક્તોને લાડ લડાવવાનો એવો ઉમંગ આવતો કે નિમિત્ત ન હોય તોપણ સ્નાનવિધિ માટે નીકળી જતાં ને સૌને સુખ દેતા. તેથી જ અહીં કેવળ જળઝીલણી એકાદશીની જ જળક્રીડા નહીં, પરંતુ તેથી સાથે ભગવાન શ્રીહરિએ કરેલ ઉપદેશ સભર અન્ય જળક્રીડાની લીલાના સુખની લ્હાણનો આસ્વાદ પણ માણીશું.

ભગવાન શ્રીહરિ પ્રત્યેક વિષયમાં ઊંડા ઊતરવાની પ્રકૃતિ ધરાવતા હતા. તેથી તેઓ છીછરામાં નાહ્યા હોય એવો ઉલ્લેખ ખાસ મળતો નથી. શ્રીજીમહારાજ તો ડૂબકી મારી જળના મધ્યે જ પહોંચી જતા. ભગવાન શ્રીહરિની જળમાં ડૂબકી મારવાની એ અલૌકિક રીત વર્ણવતાં સ.ગુ. શ્રી **પ્રેમાનંદ સ્વામી** લખે છે :

**'જળમાં ડૂબકી મારે ત્યારે, નાક આંખ્ય કાન દાબે તે વારે;**
**ડૂબકી મારી રહે ઝાઝી વાર, પ્રેમાનંદ નીરખી જાય બલિહાર.'**

શ્વાસ રોકી, આંખ્યો મીંચી, કાન દાબી ભગવાન શ્રીહરિ જળમાં ઝંપલાવતા. તેઓ ઘણીવાર સુધી જળમાં રહી શકતા. ક્યારેક શ્રીજીમહારાજ ઊંચા વૃક્ષ પરથી ભૂસકો મારી કૂવા કે નદીમાં કૂદી પડતા તેનું વર્ણન સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથમાં લખે છે :

"કારિયાણીમાં ગામથી પશ્ચિમ બાજુએ એક કૂવો હતો. જેની ચારે બાજુ વાડી તથા પીપળા, લીમડાના વૃક્ષો ઘાટી છાયાના હતા ત્યાં શ્રીહરિ નાહ્વા જતા. ગામથી શ્રીહરિ જ્યારે બહાર આવે ત્યારે આનંદ થતો, કાંઠાના વૃક્ષ ઉપર ચઢીને વારે વારે કૂવામાં ધૂબકા ખાતા. જ્યારે ખેલ કરવો હોય ત્યારે મુક્તમુનિને સાથે લેતા નહિ. તેમની મર્યાદા રાખતા, પણ બ્રહ્મમુનિની શરમ રાખતા નહિ. શ્રીહરિના આવા લીલાચરિત્ર જોવાની મુક્તમુનિને ઘણી ઈચ્છા રહેતી, પરંતુ તેમાં વિઘ્નરૂપ થતી પોતાની મોટાઈને વારંવાર પોતે નિંદતા અને વારંવાર શ્રીહરિને કહેતા કે અમો તમારી આગળ તુચ્છ બાળક છીએ."

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૯/૩૫)

શ્રીજીમહારાજ સખા સંગે નાહવા પધારે ત્યારે સંતો-હરિભક્તોની સાથે **વિવિધ વિનોદ** પણ કરતા. તે વર્ણવતા સ.ગુ. શ્રી **પ્રેમાનંદ સ્વામી** ગાય છે :

**'ક્યારેક નદી મધ્ય પ્રવાહમાં ઊભા, જળની રમતના કરે મનસુબા;**
**મુનિહરિજનને મેલે તણાતા, બહુ પછડાયે તે જાતા જાતા;**

**તેને જોઈ બહુ હસે અલબેલો, વળી એકબીજાને મારે હડસેલો.'**

ભગવાન શ્રીહરિ સાથે જળક્રીડા વખતે રમૂજ કરવામાં ઝીંઝાવદરના અલૈયાખાચરના ભાઈ જેઠસુરખાચર મોખરે રહેતા. જેની નોંધ લેતા સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથમાં લખે છે :

''જેઠસુરખાચર સ્નાન કરતા શ્રીહરિને પ્રિય લાગે તેવી બહુ રમૂજ કરતા. સમય પ્રમાણે રમૂજ કરવામાં તે બહુ પ્રવીણ હતા. કાઠી લોકો સામાન્ય રીતે જ રમતમાં બહુ નિપુણ હોય છે.''

(શ્રીહરિચરિત્રામૃતસાગર : ૨૨/૨૦)

એકવાર **ગઢપુર**માં શ્રીજીમહારાજ સંતો-હરિભક્તો સાથે **ઘેલા નદી**માં નાહવા પધાર્યા હતા. ખળખળીયામાં વચ્ચે ઊભા રહીને ભગવાન શ્રીહરિ સ્નાન કરતા હતા. નદીનો ધસમસતો પ્રવાહ ગંગાજીની જેમ વહેતો હતો. ત્યાં શ્રીજીમહારાજે **જળક્રીડા** કરવા એક રમતની **જાહેરાત** કરી : ''આજે અમારા ચરણ સ્પર્શ કરવાની જેને ઈચ્છા હોય તેને છૂટ છે. પરંતુ એક શરત છે કે નદીના ધસમસતા પ્રવાહમાં ઉપરવાસથી કોઈએ અમારી પાસે આવવાનું નથી. પાણીના પ્રવાહની સાથે તરતા તરતા ચરણ સ્પર્શ કરવાનું સરળ છે. પણ નીચલાવાસથી પ્રવાહની સામા વેગે અમારા ચરણ સ્પર્શ કરવા એ જ સાચી કળા છે.'' સંતો-હરિભક્તો ધસમસતા પાણીના પ્રવાહમાં શ્રીજીમહારાજ સુધી પહોંચવા **પ્રયત્ન** કરવા લાગ્યા. પરંતુ પાણીનો વેગ એટલો બધો હતો કે કોઈ ભગવાન શ્રીહરિ સુધી પહોંચી જ ન શકે. પ્રચંડ વેગમાં ભલભલા પાછા પડતા હતા. કોઈ કોઈ થોડે સુધી આવે ત્યાં તણાઈ જતા હતા. એ જોઈને શ્રીજીમહારાજ કહે : ''કેમ પાછા ખસો છો ? અમારી નજીક આવોને.'' આમ મર્મ ભર્યા વચન બોલીને શ્રીજીમહારાજ હસતા.ભગવાન શ્રીહરિ પાસે જવા માટે બધાએ ખૂબજ પ્રયત્ન કર્યો. પરંતુ કોઈ મહારાજ પાસે જઈ શક્યા નહિ એટલે મહારાજ બહુ હસવા માંડ્યા. સુરાખાચરે વિચાર કર્યો કે, 'આમ તો મહારાજના ચરણનો સ્પર્શ ક્યારે થશે !' પછી ખૂબ હિંમત અને બળ એકઠું કરીને સુરાખાચર સામા પૂરે ચડ્યા. નદીના વેગમાં આડા અવળા પડતા-અથડાતાં હાંફતા હાંફતા સુરાખાચર આખરે સફળ થયા. ભગવાન શ્રીહરિના ચરણ પાસે પહોંચ્યા અને મહારાજે ધક્કો માર્યો. એટલે સુરાખાચર ગોથા ખાતાં ખાતાં નદીમાં તણાયા. તે જોઈને મુખ આડો હાથ રાખીને ભગવાન શ્રીહરિ હસવા લાગ્યા.

પછી બ્રહ્માનંદ સ્વામી પણ મહામહેનતે મહારાજ પાસે પહોંચ્યા. સ્વામીને પણ શ્રીજીમહારાજે ધક્કો માર્યો, તેથી તેઓ પણ તણાવા લાગ્યા. આ જોઈને મહાપ્રભુ શ્રીહરિ ખૂબજ હસ્યા. સ્વામીનું સ્થૂળ શરીર આ રીતે તણાતું જોઈને મહારાજે બહુ રમૂજ કરી. સુરાખાચર તો દૂર જઈને નદીમાંથી બહાર નીકળ્યા. અને કાંઠે કાંઠે ચાલતા ભગવાન શ્રીહરિની પાસે આવ્યા.

શ્રીજીમહારાજે તેમને પૂછ્યું : ''શું થયું સુરાખાચર ?'' ત્યારે સુરાખાચરે જીવનના પરમ સત્યની વાત કરતા કહ્યું : ''મહારાજ ! ભગવાન જો જીવનો હાથ મૂકી દે તો જીવની આવી જ ગતિ થાય. જગના જીવન જેને ઠેલો મારે એ ક્યાંથી તરે ! માટે હે પ્રભુ ! મારો હાથ પકડી રાખજો. અને અંતે મારી સહાય કરજો. તમે જેના જેના હાથ મૂકી દીધા છે તેના ભાગ્યમાં લખચોરાશી જ આવી છે.'' નિર્દોષ **હાસ્ય-વિનોદ** ને **રમતગમત**નો એક **બીજો પ્રસંગ** સ.ગુ. શ્રી રૂગનાથચરણદાસજી સ્વામીએ 'શ્રીહરિચરિત્ર ચિંતામણી - ૩' ગ્રંથમાં નોંધ્યો છે :

ગામ કારિયાણીમાં એક દિવસ શ્રીજીમહારાજ ગામના પટેલિયાને તથા કાઠીઓને લઈને કૂવે નાહવા ગયા ને એવો ઠરાવ કર્યો જે 'માથે ફેંટો બાંધીને ઉપરથી ધૂબકો મારવો ને ફેંટો પલળવા દેવો નહિ.' પછી એ પ્રમાણે સર્વે માથે ફેંટો બાંધીને ધૂબકા મારવા માંડ્યા, તે પાણીમાં ઊંડા ગરી જાય ને ફેંટા પલળી જાય પણ કોઈનો ફેંટો કોરો રહે નહિ. ને મહારાજ માથે ફેંટો બાંધીને ધૂબકો મારે તે છાતી સુધી બારા રહે ને ફેંટો તો પલળે જ શાનો ! તે જોઈને બીજાઓ પણ ઘણા જતનથી ધૂબકા મારવા માંડ્યા પણ કોઈના ફેંટા કોરા રહ્યા નહિ ને મહારાજનો ફેંટો તો એકેય વાર પલળ્યો જ નહિ. તે જોઈને સર્વે બોલ્યા જે : 'હે મહારાજ ! તમે તો ભગવાન છો તે તમારો વાદ કોણ કરે ? અમારે તમારી સાથે વાદ હોય નહિ.' એમ કહીને સહુ પગે લાગ્યા ને અતિશય આશ્ચર્ય પામ્યા. (શ્રીહરિચરિત્ર ચિંતામણિ : ૩/૪૭૨)

જો કે પોતાના આશ્રિતો ભવસાગરમાં ડૂબી ન જાય તેની તકેદારી રાખનાર ભગવાન શ્રી સ્વામિનારાયણ આ લોકમાં પણ આવી રમૂજમાંય ભક્તોને કોઈ હાનિ ન થાય તેની તકેદારી હંમેશા રાખતા. 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં સ.ગુ. શ્રી **આધારાનંદ સ્વામી** લખે છે : ''એકવાર શ્રીજીમહારાજ **મોટેરા** ગામ પધાર્યા હતા. સાબરમતીના તટ ઉપર જ આવેલા આ ગામની ઉત્તર બાજુથી નદી પસાર થતી જોઈ, જળ દેખતા મહારાજ નદીના ધરામાં જઈ પહોંચ્યા.''

પરંતુ અહીં જ ભગવાન શ્રીહરિની વિલક્ષણતાનું દર્શન કરાવતાં ગ્રંથકર્તા લખે છે :

''શ્રીહરિ પ્રથમ ધરામાં જઈને પાણી કેટલું છે તે જોઈને બોલ્યા કે તરતા ન આવડે તે બૂડી જાય એમ છે. માટે સારો તરનાર હોય તેણે જ નાહવું. બીજાએ કાંઠે સ્નાન કરવું. એવો બંદોબસ્ત કરી શ્રીહરિ નાહવા લાગ્યા.'' (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૮/૮૦)

ક્રમશ (વધુ આવતા અંકે)



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી




વડતાલ પ્રદેશના સોજીત્રા (જી. આણંદ)ને આંગણે યોજાયેલ હિંડોળા મહોત્સવનું ઉદ્‌ઘાટન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.




વડોદરાને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં યોજાયેલ 'માસિક સત્સંગ સભા તથા હોમાત્મક મહાપૂજા'




દહિસર (મુંબઈ)ને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં યોજાયેલ બુહદ મુંબઈ પરાવિસ્તારની 'દ્વિમાસિક સત્સંગ સભા' તથા શ્રી ઘનશ્યામ બાળમંડળનો 'પંચ વાર્ષિક મહોત્સવ'




શ્રીજી પ્રસાદિભૂત તીર્થધામ સરધારને આંગણે પવિત્ર શ્રાવણ માસમાં ઉજવાયેલ હિંડોળા મહોત્સવ દર્શન તથા મહિનાના પહેલા રવિવારે યોજાતી 'અભયદાન માસિક સત્સંગ સભા'માં પૂ. સ્વામીના શ્રીમુખે કથાવાર્તાનું રસપાન કરતા ભક્તજનો તથા વિનામૂલ્ય છાત્રાલયમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓ.

# હિંડોળા દર્શન - ૨૦૧૪






















# હિંડોળા દર્શન - ૨૦૧૪









# હિંડોળા દર્શન - ૨૦૧૪
























## :: ઉત્તરભારત ટ્રેનયાત્રા માટે વધુ સંપર્ક માહિતી ::

**શ્રી સ્વા. મંદિર - સરધાર.** ફો. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧ મો. ૭૬૦૦૦૫૮૫૦૫ (પૂ. પતિતપાવન સ્વામી) ૯૪૦૯૪૯૦૮૯૦ (મહેતાજી). **શ્રી સ્વા. મંદિર - શ્રીજીનગર સુરત.** મો. ૮૧૨૮૬૯૧૫૧૩. **પૂ. ધર્મવલ્લભ સ્વામી - વડતાલ.** મો. ૭૬૦૦૦૨૭૧૩૪. **શ્રી સ્વા. મંદિર - ડોંબીવલી** ફો.નં. ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫ મો. ૯૩૨૨૭૫૩૦૫૨ (પૂ. પ્રેમ સ્વામી). **શ્રી સ્વા. મંદિર - ખારગેટ મહુવા.** મો. ૮૧૨૮૬૯૧૫૧૫ (કો. પા. સાગર ભગત). **શ્રી સ્વા. મંદિર - ભાવનગર.** મો. ૯૮૯૮૦૨૫૨૫૧ (કો. પા. મેહુલ ભગત), ૯૪૨૬૩૧૪૩૬૮ (અમરશીદાદા). **શ્રી સ્વા. મંદિર - બગસરા.** ફો.નં. ૦૨૭૯૬ - ૨૨૨૫૪૧, ૮૧૨૮૬૯૧૫૦૨ **મનસુખભાઈ દહિસર.** મો. ૯૮૩૩૫૧૫૧૭૨. **અશોકભાઈ વિદ્યાનગર.** મો. ૯૮૨૪૪૯૩૩૮૭. **પ્રવિણભાઈ માનકુવા - ભુજ.** મો. ૯૮૨૫૭૯૫૮૫૨. **ગોવિંદભાઈ માનકુવા - ભુજ.** મો. ૯૮૨૫૫૩૭૮૪૬. **રાજુભાઈ સુખપુર-ભુજ.** મો. ૯૮૭૯૭૩૪૪૩૫. **ઈશ્વરભાઈ વિકાસ મોટર્સ - અમદાવાદ.** મો. ૯૯૨૫૦૪૪૧૦૮. **નાથાભાઈ અમદાવાદ.** મો. ૯૮૭૯૧૩૨૩૧૨. **શાંતિલાલ માણાવદર.** મો. ૯૪૨૬૧૬૭૭૦૮. **હિંમતભાઈ ધંધુકા.** મો. ૯૪૨૮૪૯૯૩૦૮. **ધીરુભાઈ - ઉના.** મો. ૯૮૨૪૨૪૩૧૬૬. **મહેશભાઈ - નાગકડા.** મો. ૯૪૨૬૭૧૩૦૧૩. **જગદીશભાઈ - ભરુચ.** મો. ૯૪૨૯૪૨૭૧૦૦. **દુર્લભજીભાઈ - જેતપુર.** મો. ૯૩૨૭૬૦૧૦૦૮. **નિલેશભાઈ - અમરેલી.** મો. ૯૪૨૭૨૩૦૬૨૦.

## :: હરિદ્વાર મહોત્સવ ઉતારા વિષે માહિતી ::

હરિદ્વારને આંગણે ઉજવાતા વિશાળકાય મહોત્સવમાં લાભ લેનાર પોતાની રીતે વિમાન યા ટ્રેન કે અન્ય રીતે **ડાયરેક્ટ** આવવા ઈચ્છતા ભક્તજનો માટે જમવાની તથા **ઉતારા**ની વ્યવસ્થા મહોત્સવ સ્થળ ઉપર **ટેન્ટહાઉસ**માં કરવામાં આવશે. પરંતુ યાત્રિક પોતાની રીતે ધર્મશાળા યા હોટલમાં પોતાના ખર્ચે રહા શકશે. મહોત્સવમાં આવનાર તમામ ભક્તોએ સરધાર મંદિરે પોતાનું નામ-સરનામાની વિગત સાથે આઈકાર્ડની ઝેરોક્ષકોપી ફરજીઆત મોકલવાની રહેશે.

**અન્ય સૂચના :-** આ મહોત્સવનો લાભ લેનાર ભક્તોએ પોતાની સાથે ઠંડીનો સમય હોવાથી પહેરવા તેમજ ઓઢવા-પાથરવા માટે **ગરમ વસ્ત્રો** ફરજીઆત સાથે લાવવાના રહેશે. અને પોતે દરરોજ લેતા હોય તે દવાઓ તેમજ તાવ, ઉધરસ-શરદી, ઉલ્ટી-ઝાડા વગેરે **દવાઓ** સાથે લેવી.




દર મહિનાના પહેલા રવિવારે **સરધારધામ**માં યોજાતી

:: તારીખ :: ૭-૯-૨૦૧૪

# ॥ અભયદાન માસિક સત્સંગ સભા ॥

:: સમય :: સવારે ૯ થી ૧

**સ્થળ :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩

# શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા

**તારીખ :- ૨૭-૧૦-૨૦૧૪ થી ૧૩-૧૧-૨૦૧૪**

**કુલ દિવસ :- ૧૮ ટીકીટ દર :- ૧૨,૮૦૦**

(ટીકીટ બુકીંગ સમયે રૂા. ૫,૦૦૦/- ભરવાના રહેશે તેમજ બાકીની રકમટીકીટ દીઠ રૂા. ૭,૮૦૦/- યાત્રાપ્રવાસ ઉપડતા પહેલા ૩૦ દિવસે ભરી દેવાના રહેશે.)

## દર્શનીય પવિત્ર તીર્થસ્થળો :

હરિદ્વાર, ઋષિકેશ, અયોધ્યા, છપૈયા, કાશી, અલ્હાબાદ, મથુરા, વૃંદાવન, ગોકુળ

**ખાસનોંધ :-** તા. ૨૭-૧૦-૨૦૧૪ના રોજ **રાજકોટ**થી ઉપડશે માટે **હરિદ્વાર** સુધીની યાત્રા દરમ્યાન યાત્રિકે પોતાની રીતે જમવાનું સાથે લાવવાનું રહેશે. તેમજ તીર્થસ્થાનોના દર્શન કરીને ટ્રેનયાત્રાનું **અંતિમ** વિરામસ્થાન **રેલ્વે સ્ટેશન-રાજકોટ** રાખવામાં આવ્યું છે, તેથી યાત્રિકોએ ત્યાંથી પોતાની રીતે પોતપોતાના મુકામસુધી પહોંચવાનું રહેશે.

**વધુ માહિતી માટે સંપર્ક કરો :- સરધાર :- પૂ. પતિતપાવન સ્વામી** - મો. ૭૬૦૦૦૫૮૫૦૫ **મેહુલ મહેતાજી** - મો. ૯૪૦૯૪૯૦૮૯૦

## અન્ય ટ્રેન વ્યવસ્થા અંગે સમયપત્રક માહિતી

**નોંધ :-** ટીકીટ વ્યવસ્થા સ્વખર્ચ અને પોતાની રીતે લેવાની રહેશે. રાજકોટ, અમદાવાદ, સુરત અને મુંબઈથી હરિદ્વાર તેમજ દિલ્હી સુધીની ટ્રેનો ઉપલબ્ધ.... સરકારના નિયમ મુજબ ટીકીટ બુકીંગ બે મહિના અગાઉ કરાવવાની રહેશે. (દિલ્હીથી હરિદ્વાર ૨૦૦ કિ.મી.)

### રાજકોટ થી હરિદ્વાર તથા દિલ્હી

| ક્રમ | ટ્રેન નંબર | ટ્રેનનું નામ | વાર | સમય | સ્થાન |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૯૫૬૫ | ઉતરાંચલ એક્સપ્રેસ | શુક્રવાર | બપોરે ૧૨.૨૫ | હરિદ્વાર |
| ૨. | ૧૨૪૭૫ | હાપા એક્સપ્રેસ | બુધવાર | સવારે ૬.૪૦ | દિલ્હી |
| ૩. | ૧૨૪૭૭ | જમ્મુ-તાવી એક્સપ્રેસ | મંગળવાર | સવારે ૬.૪૦ | દિલ્હી |
| ૪. | ૧૯૫૭૯ | રાજકોટ-દિલ્હી એક્સપ્રેસ | ગુરુવાર | બપોરે ૧૨.૫૦ | દિલ્હી |
| ૫. | ૧૯૨૬૯ | પોરબંદર-મોતીહરી એક્સપ્રેસ | ગુરુ/શુક્ર | સાંજે ૭.૩૩ | દિલ્હી |
| ૬. | ૧૯૨૬૩ | દિલ્હી એક્સપ્રેસ | મંગળ/શનિ | સાંજે ૭.૩૩ | દિલ્હી |

### અમદાવાદ થી હરિદ્વાર તથા દિલ્હી

| ક્રમ | ટ્રેન નંબર | ટ્રેનનું નામ | વાર | સમય | સ્થાન |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૯૦૩૧ | હરિદ્વાર મેઈલ | દરરોજ | સવારે ૧૦.૦૫ | હરિદ્વાર |
| ૨. | ૧૨૪૭૫ | હાપા એક્સપ્રેસ | ગુરુવાર | બપોરે ૧૧.૩૫ | દિલ્હી |
| ૩. | ૧૨૪૭૭ | જમ્મુ-તાવી એક્સપ્રેસ | મંગળવાર | બપોરે ૧૧.૩૫ | દિલ્હી |
| ૪. | ૧૯૨૬૯ | પોરબંદર-મોતીહરી એક્સપ્રેસ | શુક્ર/શનિ | રાત્રે ૧૨.૫૦ | દિલ્હી |
| ૫. | ૧૯૨૬૩ | દિલ્હી એક્સપ્રેસ | બુધ/રવિ | રાત્રે ૧૨.૫૦ | દિલ્હી |
| ૬. | ૧૯૪૦૩ | સુલતાનપુર એક્સપ્રેસ | મંગળવાર | સવારે ૬.૦૫ | દિલ્હી |
| ૭. | ૧૨૪૭૩ | સર્વોદય એક્સપ્રેસ | શનિવાર | બપોરે ૧૧.૩૫ | દિલ્હી |
| ૮. | ૧૨૯૧૭ | ગુજરાત સંપર્ક એક્સપ્રેસ | સોમ/બુધ/શુક્ર | સાંજે ૫.૨૦ | દિલ્હી |
| ૯. | ૧૨૯૧૫ | આશ્રમ એક્સપ્રેસ | દરરોજ | સાંજે ૬.૩૦ | દિલ્હી |
| ૧૦. | ૧૨૨૧૬ | ગરીબરથ | મંગળ/બુધ/શુક્ર/રવિ | સાંજે ૭.૪૦ | દિલ્હી |
| ૧૧. | ૨૨૪૫૧ | ચંદીગઢ સુપર ફાસ્ટ | સોમ/ગુરુ | સાંજે ૭.૫૫ | દિલ્હી |
| ૧૨. | ૧૪૩૧૨ | અલ્હાહજરત એક્સપ્રેસ | મંગળ/ગુરુ/રવિ | સાંજે ૮.૨૦ | દિલ્હી |
| ૧૩. | ૧૯૪૦૭ | અમદાવાદ-વારાણસી એક્સપ્રેસ | ગુરુવાર | સાંજે ૯.૦૦ | દિલ્હી |
| ૧૪. | ૧૯૦૨૯ | બાંદ્રા-દિલ્હી એક્સપ્રેસ | બુધવાર | સાંજે ૯.૦૦ | દિલ્હી |

### સુરત થી હરિદ્વાર તથા દિલ્હી

| ક્રમ | ટ્રેન નંબર | ટ્રેનનું નામ | વાર | સમય | સ્થાન |
|---|---|---|---|---|---|
| ૧. | ૧૯૦૧૯ | દેહરાદુન એક્સપ્રેસ | દરરોજ | સવારે ૪.૪૫ | હરિદ્વાર |
| ૨. | ૨૨૯૧૭ | હરિદ્વાર એક્સપ્રેસ | બુધવાર | સાંજે ૪.૨૦ | હરિદ્વાર |
| ૩. | ૧૨૯૧૧ | વલસાડ-હરિદ્વાર એક્સપ્રેસ | મંગળવાર | સાંજે ૪.૫૦ | હરિદ્વાર |
| ૪. | ૧૨૨૮૭ | દેહરાદુન એક્સપ્રેસ | શનિવાર | સાંજે ૭.૫૩ | હરિદ્વાર |
| ૫. | ૧૨૯૦૩ | ગોલ્ડન ટેમ્પલ મેઈલ | દરરોજ | રાત્રે ૧.૧૫ | દિલ્હી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬. | ૨૨૬૩૩ | નિજામુદીન એક્સપ્રેસ | શુક્રવાર | રાત્રે ૨.૦૦ | દિલ્હી |
| ૭. | ૧૨૪૭૧ | સ્વરાજ એક્સપ્રેસ | સોમ/ગુરુ/શુક્ર/રવિ | બપોરે ૧૧.૪૭ | દિલ્હી |
| ૮. | ૧૯૦૨૩ | ફિરોજ જનતા એક્સપ્રેસ | દરરોજ | બપોરે ૧.૩૭ | દિલ્હી |
| ૯. | ૧૨૯૨૫ | પશ્ચિમ એક્સપ્રેસ | દરરોજ | બપોરે ૩.૪૭ | દિલ્હી |
| ૧૦. | ૨૨૪૫૧ | ચંદીગઢ સુપર ફાસ્ટ | સોમ/ગુરુ | બપોરે ૪.૦૦ | દિલ્હી |
| ૧૧. | ૧૨૨૧૬ | ગરીબરથ | મંગળ/બુધ/શુક્ર/રવિ | બપોરે ૪.૦૬ | દિલ્હી |
| ૧૨. | ૧૯૦૨૯ | બાંદ્રા-દિલ્હી એક્સપ્રેસ | બુધવાર | બપોરે ૪.૫૦ | દિલ્હી |
| ૧૩. | ૧૨૯૫૧ | મુંબઈ રાજધાની | દરરોજ | રાત્રે ૭.૪૨ | દિલ્હી |
| ૧૪. | ૧૨૪૮૩ | અમૃતસર એક્સપ્રેસ | ગુરુવાર | રાત્રે ૭.૫૩ | દિલ્હી |
| ૧૫. | ૧૨૯૦૯ | નિજામુદીન ગરીબરથ | મંગળ/ગુરુ/શનિ | રાત્રે ૮.૦૭ | દિલ્હી |
| ૧૬. | ૧૨૨૪૭ | યુવા એક્સપ્રેસ | શુક્રવાર | રાત્રે ૮.૦૭ | દિલ્હી |
| ૧૭. | ૧૨૯૫૩ | રાજધાની એક્સપ્રેસ | દરરોજ | રાત્રે ૯.૦૪ | દિલ્હી |

## મુંબઈ થી હરિદ્વાર તથા દિલ્હી

| ક્રમ | ટ્રેન નંબર | ટ્રેનનું નામ | વાર | સમય | સ્થાન |
|---|---|---|---|---|---|
| ૧. | ૨૨૯૧૭ | હરિદ્વાર એક્સપ્રેસ | મંગળવાર | બપોરે ૧૧.૫૦ | હરિદ્વાર |
| ૨. | ૧૯૦૧૯ | દેહરાદુન એક્સપ્રેસ | દરરોજ | રાત્રે.૧૨.૦૫ | હરિદ્વાર |
| ૩. | ૧૨૨૮૭ | દેહરાદુન એક્સપ્રેસ | શુક્રવાર | બપોરે.૧.૪૦ | હરિદ્વાર |
| ૪. | ૧૨૧૭૧ | લોકમાન્ય તિલક સુપરફાસ્ટ | સોમ/શુક્ર | સવારે ૭.૫૫ | હરિદ્વાર |
| ૫. | ૧૯૦૨૩ | ફિરોજ જનતા એક્સપ્રેસ | દરરોજ | સવારે ૭.૨૫ | દિલ્હી |
| ૬. | ૧૨૪૭૧ | સ્વરાજ એક્સપ્રેસ | સોમ/ગુરુ/શુક્ર/રવિ | સવારે ૭.૫૫ | દિલ્હી |
| ૭. | ૧૨૯૨૫ | પશ્ચિમ એક્સપ્રેસ | દરરોજ | બપોરે ૧૧.૩૫ | દિલ્હી |
| ૮. | ૨૨૪૫૧ | ચંદીગઢ સુપર ફાસ્ટ | સોમ/ગુરુ | બપોરે ૧૨.૦૫ | દિલ્હી |
| ૯. | ૧૨૨૧૬ | ગરીબરથ | મંગળ/બુધ/શુક્ર/રવિ | બપોરે ૧૨.૫૫ | દિલ્હી |
| ૧૦. | ૧૯૦૨૯ | બાંદ્રા-દિલ્હી એક્સપ્રેસ | બુધવાર | બપોરે ૧૨.૨૫ | દિલ્હી |
| ૧૧. | ૧૨૨૧૭ | સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસ | સોમ/રવિ | બપોરે ૧.૪૦ | દિલ્હી |
| ૧૨. | ૧૨૪૮૩ | અમૃતસર એક્સપ્રેસ | બુધવાર | બપોરે ૧.૪૦ | દિલ્હી |
| ૧૩. | ૧૨૬૧૭ | મંગલાલદ્વીપ એક્સપ્રેસ | દરરોજ | બપોરે ૧.૪૫ | દિલ્હી |
| ૧૪. | ૨૨૧૦૯ | લોકમાન્યતિલક એક્સપ્રેસ | સોમવાર | બપોરે ૨.૩૦ | દિલ્હી |
| ૧૫. | ૨૨૯૧૭ | પ્રીમીયમ એક્સપ્રેસ | બુધ/શુક્ર/રવિ | બપોરે ૪.૦૦ | દિલ્હી |
| ૧૬. | ૧૨૯૫૧ | મુંબઈ રાજધાની | દરરોજ | સાંજે ૪.૪૦ | દિલ્હી |
| ૧૭. | ૧૨૨૪૭ | યુવા એક્સપ્રેસ | શુક્રવાર | સાંજે ૪.૫૦ | દિલ્હી |
| ૧૮. | ૧૨૯૦૭ | સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસ | બુધ/રવિ | સાંજે ૪.૫૦ | દિલ્હી |
| ૧૯. | ૧૨૯૦૯ | ગરીબરથ | મંગળ/ગુરુ/શનિ | સાંજે ૪.૫૦ | દિલ્હી |
| ૨૦. | ૧૨૯૫૩ | ઔરંગાબાદ એક્સપ્રેસ | દરરોજ | સાંજે ૫.૪૦ | દિલ્હી |
| ૨૧. | ૧૨૧૩૭ | પંજાબ મેઈલ | દરરોજ | રાત્રે ૭.૪૦ | દિલ્હી |
| ૨૨. | ૧૨૪૩૧ | રાજધાની એક્સપ્રેસ | મંગળ/ગુરુ/શુક્ર | રાત્રે ૮.૪૫ | દિલ્હી |
| ૨૩. | ૨૨૬૩૩ | નિજામુદીન એક્સપ્રેસ | બુધવાર | રાત્રે ૮.૪૫ | દિલ્હી |
| ૨૪. | ૧૨૯૦૩ | ગોલ્ડન ટેમ્પલ એક્સપ્રેસ | દરરોજ | રાત્રે ૯.૩૦ | દિલ્હી |
| ૨૫. | ૧૨૪૪૯ | ગોવા સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસ | મંગળ/બુધ | રાત્રે ૧૧.૦૦ | દિલ્હી |
| ૨૬. | ૨૨૨૦૯ | દુરોન્તો એક્સપ્રેસ | મંગળ/બુધ | રાત્રે ૧૧.૧૫ | દિલ્હી |
| ૨૭. | ૧૧૦૫૭ | અમૃતસર એક્સપ્રેસ | દરરોજ | રાત્રે ૧૧.૪૫ | દિલ્હી |

**સૂચના :** અન્ય ટ્રેન દ્વારા **હરિદ્વાર** ૫૦-૬૦ના સમુહમાં આવનાર ભક્તજનો માટે જ (એક-એક વ્યક્તિગત નહિ) **રેલ્વેસ્ટેશન દિલ્હી થી હરિદ્વાર** સુધી અને મહોત્સવ સમાપ્તિ બાદ **હરિદ્વાર થી દિલ્હી રેલ્વેસ્ટેશન** સુધી પહોંચાડવા માટે **સ્વખર્ચ** (યાત્રિકના ખર્ચે) **બસની વ્યવસ્થા** મહોત્સવ સમિતિ દ્વારા કરવામાં આવશે. માટે જે ભક્તો હરિદ્વાર મહોત્સવમાં (વાયા દિલ્હી) આવવાના હોય તેમણે નીચે જણાવેલ સંપર્ક ઉપર પોતાનું નામ-સરનામું, આઈકાર્ડ અને રકમ ભરવાની રહેશે.

**સંપર્ક :- સરધાર :- પૂ. પતિતપાવન સ્વામી** - મો. ૭૬૦૦૦૫૮૫૦૫ **મેહુલ મહેતાજી** - મો. ૯૪૦૯૪૯૦૮૯૦ **શ્રીજીનગર સુરત :-** મો. ૮૧૨૮૬૯૧૫૧૩ **અમદાવાદ :- ઈશ્વરભાઈ વિકાસ મોટર્સ** - મો. ૯૯૨૫૦૪૪૧૦૮.

**વિમાન વ્યવસ્થા :** મુંબઈ અને દિલ્હીથી દેહરાદુન તેમજ અમદાવાદ, વડોદરા અને સુરતથી દિલ્હી સુધી વિમાનની વ્યવસ્થા ઉપલબ્ધ (દેહરાદુનથી હરિદ્વાર ૫૦ કિ.મી.) (ટીકીટ વ્યવસ્થા સ્વખર્ચ અને પોતાની રીતે લેવાની રહેશે.)

**ટ્રેન તથા વિમાન બુકીંગ માટે સંપર્ક :- મીત ટુર્સ અને ટ્રાવેલ્સ - રાજકોટ. સતીષભાઈ** - મો. ૯૯૯૮૮૬૨૧૦૯, ૮૫૩૦૯૧૨૩૪૫

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## નૂતન નવલા વર્ષમાં દેવભૂમિ-તપોભૂમિ હરિદ્વારને આંગણે વિશાળ ફલક પર...

**પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા**
**પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી**

## પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે
## ૩૨૫મી 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' પ્રસંગે




**તારીખ :**
**૨૯-૧૦-૨૦૧૪**
**થી**
**૬-૧૧-૨૦૧૪**
કારતક સુદ - ૬ થી ૧૫

ઉત્તરાખંડ રાજ્યમાં ગંગા નદીના તટ પર દરિયાની સપાટીથી લગભગ એક હજાર ફૂટ ઊંચે વસેલું આ તીર્થ એટલે હરિદ્વાર. અહીંથી જ બદ્રિનાથ, કેદારનાથ, યમનોત્રી અને ગંગોત્રી જવાનો માર્ગ હોય, તેથી આ ધામનું પણ મહત્ત્વ ઘણું છે. આ ધામનું વિશેષ માહાત્મ્ય તો એ છે કે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ નીલકંઠવર્ણી વેશે તીર્થોમાં વિચરણ કરતી વખતે અહિં પધાર્યા હતા અને આ સ્થાનમાં હરકી પૈડી પર ગંગાસ્નાન કર્યું હતું. કુંભના મેળાને લીધે અપાર ગિરદી હતી એટલે શિવજી બ્રાહ્મણનું રૂપ લઈ વર્ણીને મંદિરમાં લઈ આવ્યા. વર્ણી ભૂખ્યા હતા તેથી પાર્વતીજીએ રસોઈ કરી જમાડ્યા, આમશિવજી અને પાર્વતીએ પોતાના પરિવાર સહિત શ્રીજીમહારાજની સેવા તથા દર્શનનો લાભ લીધો. પંજાબ કેસરી રણજીતસિંહની વર્ણીપ્રભુ સાથે ઐતિહાસિક મુલાકાત પણ આ જ તીર્થમાં થઈ હતી. આવા આ મહાન પ્રસાદીના તીર્થસ્થાનમાં સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી વડતાલ પીઠાધિપતિ વિદ્યમાન પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, નૂતન નવલા દિવસોમાં દેવભૂમિ-તપોભૂમિ**હરિદ્વાર**ને આંગણે શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથના હૃદયગત સિદ્ધાંતને વરેલા અને સંપ્રદાયના મૂર્ધન્ય વક્તા સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ની **૩૨૫મી 'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ'** પ્રસંગે **તા. ૨૯-૧૦-૨૦૧૪ કારતક સુદ - ૬ થી તા. ૬-૧૧-૨૦૧૪ કારતક સુદ - ૧૫** સુધી **'શ્રી હરિદ્વાર મહોત્સવ'**નું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ અતિ ભવ્ય મહોત્સવ પ્રસંગે કથાશ્રવણ સાથે તીર્થદર્શન, અભિષેક દર્શન, અન્નકુટ દર્શન, ધર્મકુળ દર્શન તથા આર્શીવચન તથા પૂ. સંતોના દર્શન તથા આશિષનો દુર્લભ લાભ લેવા આપ સહુને કુટુંબીજનો અને મિત્રમંડળ સહિત પધારવા પુનઃ ભાવભર્યું સસ્નેહ હાર્દિક નિમંત્રણ છે. તો જરૂરાજરૂર પધારશોજી.

**અન્ય સૂચના :-** આ મહોત્સવનો લાભ લેનાર ભક્તોએ પોતાની સાથે ઠંડીનો સમય હોવાથી પહેરવા તેમજ ઓઢવા-પાથરવા માટે **ગરમ વસ્ત્રો** ફરજીઆત સાથે લાવવાના રહેશે. અને પોતે દરરોજ લેતા હોય તે દવાઓ તેમજ તાવ, ઉધરસ-શરદી, ઉલ્ટી-ઝાડા વગેરે **દવાઓ** સાથે લેવી.

**આયોજક-નિમંત્રક :- ભંડેરી ઈમ્પેક્ષ - સુરત**
મગનભાઈ ભંડેરી, ઘનશ્યામભાઈ ભંડેરી, પ્રકાશભાઈ ભંડેરી, નિલેશભાઈ કોઠીયા, પ્રવિણભાઈ લાખાણી, શંભુભાઈ મોરડીયા

**મહોત્સવનું પ્રસારણ લક્ષ્ય ચેનલ પર online : www.lakshyatv.com**




હેરો-લંડન (યુ.કે)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય  મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના સત્સંગ મંડળ દ્વારા યોજાયેલ તૃતીય શ્રી સ્વામિનારાયણ મહોત્સવ અંતર્ગત પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રી પુરુષોત્તમ કથા પારાયણ'(તા. ૨૮ થી ૩-૮-૨૦૧૪)

Swaminarayan Chintan, August - 2014 Reg. No. RJT - 624/13-15, Valid up to 31/12/15, RNI No. GUJGUJ-2013/47868_Posted at Rajkot R.M.S on 20th of every month wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 14/6/2014




















હેરો-લંડન (યુ.કે)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ આજ્ઞા-ઉપાસના સત્સંગ મંડળ દ્વારા યોજાયેલ તૃતીય શ્રી સ્વામિનારાયણ મહોત્સવ અંતર્ગત પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રી પુરુષોત્તમ કથા પારાયણ'(તા. ૨૮ થી ૩-૮-૨૦૧૪)

Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007